# જ્ઞાનગંગા મુખપત્ર

## ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ



વર્ષ : 3 અંક: 6 (ફકત આંતરિક વિતરણ) સપ્ટેમ્બર–2007


समानो मन्त्रः समितिः समानी समानं मनः सह चित्तमेषाम् ।
समानं मन्त्रमभि मन्त्रयेवः समानेन वो ह विषा जुहोमि ।। (संज्ञानसूक्तम्)

તમારો મંત્ર એક સરખો રહો. તમારી સભા એક રહો, તમારું મન એક રહો, તમારું ચિત્ત એક રૂપ થવા દો.
તમારા બધાની એક સરખી સ્તુતિનું હું સંબોધન કરું છું. અને તમારી એક જ આહુતિથી હવન કરું છું.

## કુલપતિશ્રીની કલમે....

આમ તો છેલ્લા બે અંકોમાં ગુરૂથી શિક્ષક અને શિક્ષકથી શ્રમિક થયાની આપણે ચર્ચા કરી છે પરંતુ શિક્ષક દિનના આ માસમાં ફરીથી શિક્ષક સંબંધિત એક-બે બાબતોની ચર્ચા અસંગત નહીં લાગે. ગુરૂપૂર્ણિમા આપણે અષાઢી પૂનમના દિવસે તથા શિક્ષકદિન ડૉ.રાધાકૃષ્ણનના જન્મદિન નિમિત્તે ઉજવીએ છીએ. એક જ શૈક્ષણિક વર્ષમાં શિક્ષણ સંબંધિત બે દિવસોનું આયોજન ગુરૂ અને શિક્ષક એવી સંસ્થાઓ વચ્ચે સમયના કાળક્રમે થયેલ પરિવર્તન સૂચવે છે. ગુરૂની ગુરૂતા માટે આપણા સમાજમાં અત્યારે પણ સન્માન એટલા માટે છે કેમ કે ગુરૂ વિદ્યાર્થીને શિક્ષણની સાથે સાથે જીવન અને આધ્યાત્મ જેવાં બધાં ક્ષેત્રોનું જ્ઞાન આપે છે. વેદમાં ગુરૂ અથવા આચાર્યના પાંચ રૂપ કહેવામાં આવ્યા છે.

आचार्यः मृत्युर्वरुण सोम औषधेयः पयः

આમ ગુરૂનું પહેલું રૂપ મૃત્યુ છે. જેનો અર્થ એ છે કે ગુરૂ શિષ્યના અહંકાર અને દુર્ગુણોનો સંહાર કરે છે. અને જેવી રીતે કુંભાર માટીમાંથી વાસણને ઘાટ આપે છે તેવી રીતે ગુરૂ શિષ્યને ઘડે છે. ગુરૂનું બીજું રૂપ વરૂણ છે. જેનો અર્થ એ કે ગુરૂ પવનની જેમ સુખકારી અને શ્રાંતિથી વિશ્રાંતિ આપે છે. ત્રીજા રૂપમાં ગુરૂ સોમ અર્થાત્ ચંદ્રની જેમ શીતળતા આપે છે.ગુરૂનું ચોથું રૂપ ઔષધ છે, જેમાં તે વિવિધ પ્રકારના દુ:ખો દૈહિક, દૈવિક, ભૌતિકથી મુક્તિ આપે છે અને છેલ્લા રૂપમાં ગુરૂ અમૃત સ્વરૂપ છે, જે વિદ્યાર્થીને જ્ઞાનના અમૃતનું પાન કરાવીને અમરપદ આપે છે અને પોતે પણ અમર થઈ જાય છે. આમ ગુરૂ શિષ્યનો સર્વાંગી વિકાસ કરે છે અને ભારતીય સંસ્કૃતિનું સૌથી મોટું લક્ષ્ય એટલે પુરૂષાર્થના જ્ઞાન દ્વારા મુક્તિના માર્ગનું કઈ રીતે અનુકરણ કરવું તે પણ બતાવે છે.

ભારતીય સંસ્કૃતિમાં આ પુરૂષાર્થ -ચતુષ્ટયની કેન્દ્રીયતા વિજ્ઞાનના ક્ષેત્રમાં ચાર્લ્સ ડાર્વિનની થિયરી ઓફ ઈવોલ્યુએશનની જેમ છે. ભારતીય સંસ્કૃતિનાં દર્શન, જ્ઞાન અને વ્યવહારનું કોઈ પણ ક્ષેત્ર એવું નથી જેનો ઉદ્દેશ્ય પુરૂષાર્થ ચતુષ્ટય ન હોય. પછી તે નાટયશાસ્ત્ર હોય, કાવ્યાલંકાર હોય, ઈતિહાસ હોય કે લલિત કલાઓ હોય. ગુરૂ ધર્મ ,અર્થ, કામ અને મોક્ષ જે પુરૂષાર્થના ચાર પ્રકાર છે તેનું સદ્‌પાલનની મહત્તા અને માર્ગ બતાવે છે અને તેની વિકૃતિને રોકે છે. ધર્મની વિકૃતિ કર્મકાંડ, અર્થની વિકૃતિ લોભ, કામની વિકૃતિ વાસના અને પહેલા ત્રણેયની અવગણના કરીને મોક્ષની કામના પલાયનવાદનું રૂપ લે છે. આ ગુણોને કારણે જ ગુરૂ ભગવાનથી પણ ઊંચો દરજ્જો અપાવે છે. ગુરૂની વિભાવનામાં ફક્ત માનવ ગુરૂ જ નહીં પણ બીજા તત્ત્વોનો પણ સમાવેશ થાય છે. દા.ત. મહર્ષિ અષ્ટાવક્ર અને દત્તાત્રેય વૃક્ષો, પશુ-પક્ષીઓથી પણ પોતાના જીવનમાં જ્ઞાન લેવાનું સ્વીકારે છે. આજ કાલ તો આ ગુરૂની સંસ્થા ફકત સંગીત-નૃત્ય અને લલીતકલાના ક્ષેત્રમાં દેખાય છે. અત્યારે પણ આ વિદ્યાઓના શિષ્યો પોતાના ગુરૂનું નામ લેતા પહેલાં પોતાના કાનની બુટ પકડી તે ગુરૂને માન આપે છે.

બીજી બાજુ શિક્ષકની સંસ્થાનો એવા સમયમાં ઉદ્‌ભવ થયો જ્યારે જ્ઞાનનું વિશિષ્ટીકરણ તથા વ્યવસાયીકરણ થયું છે. વિશિષ્ટીકરણના કારણે એક વિદ્યાર્થીને એકથી વધારે શિક્ષકો પાસેથી વિદ્યા પ્રાપ્ત કરવી પડે છે. આજે આપણાં દેશનાં ઉચ્ચ શિક્ષણમાં 5 લાખથી વધારે શિક્ષકો છે અને એક શિક્ષક પોતાના શિક્ષણકાર્યકાળમાં લગભગ 20 હજાર વિદ્યાર્થીઓને શિક્ષણ આપે છે. આથી સ્પષ્ટ થઈ જાય છે કે એક શિક્ષક વીસ હજાર જેટલા યુવકોના જીવનમાં મહત્ત્વપૂર્ણ ફાળો આપે છે. આ શિક્ષકે પોતાના વિશિષ્ટ ક્ષેત્રમાં દરેક ક્ષણે ઉત્પન્ન થતા નવા જ્ઞાનનું અર્જન કરવું પડે છે. જેને કારણે આજે શિક્ષકને 'અપ ટુ ડેટ' હોવું જોઈએ એવા વાકય નિરર્થક થઈ ગયા છે. ખરેખર તો જ્ઞાનના વિસ્ફોટના આ યુગમાં 'અપ ટુ ડેટ' અજ્ઞાનનું પર્યાય છે. કેમકે જ્યારે જ્ઞાન દરેક ક્ષણે વધે છે ત્યારે શિક્ષકને 'અપ ટુ મોમેન્ટ' રહેવું પડે છે. આજના વિદ્યાર્થી વર્ગને ફક્ત 'અપ ટુ મોમેન્ટ' શિક્ષક જ ન્યાય આપી શકે છે. વર્ગમાં વિદ્યાર્થીને જાગૃત રાખવા માટે શિક્ષકને દરેક ક્ષણે જાગૃત રહેવું જોઈએ આના માપદંડ માટે એક વાકય છે "જ્યારે મારા વર્ગમાં કોઈપણ વિદ્યાર્થી ઉંઘી જાય ત્યારે મને એટલે શિક્ષકને કોઈએ જગાડવાની જરૂર છે." આ જાગવું ફકત બાહય નથી પણ આંતરિક પણ એટલું જ જરૂરી છે. એટલે શિક્ષક વિદ્યાર્થીને સંપૂર્ણ માનવી થવાની પ્રેરણા આપી શકે તેથી જ કહેવાય છે કે એક મધ્યમશ્રેણીનો અધ્યાપક વર્ગમાં બોલે છે, એક સારો શિક્ષક વર્ગમાં વ્યાખ્યાન, વિવેચન અને તેનુ નિરૂપણ કરે છે, એક શ્રેષ્ઠ શિક્ષક ઉદાહરણ સાથે શિક્ષણ આપે છે પણ એક મહાન શિક્ષક વિદ્યાર્થીને મહાન થવા પ્રેરે છે.

ઉપરોક્ત ચર્ચાને ધ્યાનમાં લઈને આ સંજોગોમાં સવાલ થાય છે કે શિક્ષકનો સૌથી મોટો ગુરૂ ગુણ કયો હોવો જોઈએ. જ્ઞાન ? મોટીવેશન? પ્રમાણિકતા ? કે ઈન્ટેગ્રીટી ? અથવા તો જ્ઞાનને રજૂ કરવાની કળા ખરેખર તો શિક્ષકમાં ઉપરનું બધુ જ હોવું જોઈએ સાથે સાથે શિક્ષણના કાર્ય માટેની ધૂન અને પ્રતિબધ્ધતા હોવી જરૂરી છે. આ તમામ ગુણો શિક્ષકમાં હોય તો બીજી બધી બાબતો વહેતા પાણીની જેમ પોતાનો રસ્તો કરી લેશે.

શિક્ષક દિનની શુભ કામના સાથે...

પ્રો. અવધેશકુમાર સિંહ
કુલપતિ

## યુનિવર્સિટીના ઉપક્રમો...



ગુજરાતની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ સાથે માનનીય શિક્ષણમંત્રીશ્રી શ્રીમતી આનંદીબેન પટેલ

### NAAC

માન. શિક્ષણમંત્રીશ્રી શ્રીમતી આનંદીબેન પટેલના અધ્યક્ષ સ્થાને NAAC સ્ટેટ ક્વોલિટી એસ્યોરન્સ સેલ (SLQAC) જેની કામગીરી ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજય દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદને સોંપવામાં આવી છે તેના અંતર્ગત એક બેઠકનું આયોજન તા.10/08/2007 શુક્રવારના રોજ કરવામાં આવ્યું હતું. બેઠકમાં NAAC બેંગ્લોર તરફથી પ્રતિનિધિ તરીકે ડૉ. એસ.એમ. શ્યામસુંદર, ડૉ. રાજીવ ગુપ્તા, સચિવ, ઉચ્ચ શિક્ષણ, પ્રોફેસર અવધેશકુમાર સિંહ, કુલપતિ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને રાજયની વિવિધ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. આ બેઠકમાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તાને સંલગ્ન અનેક પ્રશ્નો ચર્ચવામાં આવ્યા હતાં. NAAC દ્વારા રાજયની યુનિવર્સિટીઓ અને તેને સંલગ્ન કોલેજોનું એસેસમેન્ટ અને એક્રેડિટેશન ફરજીયાત બનાવવામાં આવ્યું છે. જે હેઠળ ગુજરાત રાજયની 6 યુનિવર્સિટી અને તેને સંલગ્ન 126 કોલેજોએ પોતાનું મૂલ્યાંકન કરાવેલ છે. પ્રોફેસર અવધેશકુમાર સિંહે SLQAC દ્વારા હાથ ધરવામાં આવેલ પ્રવૃત્તિઓથી અધ્યક્ષશ્રીને માહિતગાર કર્યા હતાં. બેઠકમાં આવતા વર્ષ માટેનો એજન્ડા પ્રસ્તુત કરવામાં આવ્યો હતો તેમજ તેના પર વિસ્તૃત ચર્ચા થઈ હતી. NAAC દ્વારા યુનિવર્સિટીઓ અને તેને સંલગ્ન કોલેજો માટે શિક્ષણમાં ઉચ્ચ ગુણવત્તાના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટેના સૂચનો રજૂ કરવામાં આવ્યાં હતાં.

માન. શિક્ષણમંત્રીએ રાજયની બધી જ યુનિવર્સિટીઓ અને સંલગ્ન કોલેજોને NAAC દ્વારા વહેલી તકે એસેસમેન્ટ અને એક્રેડિટેશન કરાવવા પર ભાર મૂકયો હતો, જેના દ્વારા ઉચ્ચ શિક્ષણમાં શિક્ષણની ગુણવત્તાનું સ્તર વધારે સારું થઈ શકે. આ કાર્ય માટે NAAC ના પ્રતિનિધિએ શકય બનતી તમામ મદદ ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તા માટે સેમિનાર અને વર્કશોપ યોજવા માટે યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજોને નાણાકીય સહાય પૂરી પાડવાની તૈયારી બતાવી હતી.

### ગુજરાત સ્ટેટ ક્વૉલિટી એસ્યોરન્સ સેલ વર્કશોપ...

ગુજરાત સ્ટેટ ક્વૉલિટી એસ્યોરન્સ સેલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા IQAC, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના સંયુક્ત ઉપક્રમે એક વર્કશોપનું આયોજન તા.10/09/07 ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો વિષય "Qualitative Higher Education through IQAC" હતો. આ વર્કશોપમાં રાજ્યની એફિડિટેડ 6 યુનિવર્સિટીઓ અને તેને સંલગ્ન 126 કોલેજોમાંથી લગભગ 5 યુનિવર્સિટીઓ અને 95 કોલેજોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ વર્કશોપનો ઉદ્દેશ IQAC ની રચના અને તેને સંલગ્ન પાસાંઓ પર વિસ્તૃત ચર્ચા કરવાનો હતો.

વર્કશોપના પ્રથમસત્રના મુખ્ય વકતાઓ ડૉ. કમલેશ જોષીપૂરા, માનનીય કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, પ્રો.અવધેશકુમાર સિંહ, માનનીય કુલપતિ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ અને શ્રી કલ્પક ત્રિવેદી, માનનીય ઉપકુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ હતાં. બીજા સત્રમાં રાજયની પાંચ (5) યુનિવર્સિટીઓ જેવી કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ, વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર અને સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભિવદ્યાનગરના IQAC ના કો-ઓર્ડિનેટરશ્રીઓએ પોતાની યુનિવર્સિટીમાં IQAC અંતર્ગત હાથ ધરવામાં આવેલ કામગીરીનો અહેવાલ રજૂ કર્યો હતો અને પોતાની યુનિવર્સિટીમાં અમલમાં મુકેલ Best Practices for Qualitative Education વિશે અન્ય પાર્ટીસીપેન્ટસને માહિતગાર કર્યા હતાં.

### નિ:શૂલ્ક ફોન સુવિધા (Toll Free Phone Facility)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા **'નિ:શૂલ્ક ફોન સુવિધા'** તમામ વિદ્યાર્થીઓને મળી રહે તે હેતુથી આ સુવિધા યુનિવર્સિટીમાં ગોઠવામાં આવી છે. જેમાં દરેક વિદ્યાર્થી BSNL ની લેન્ડ લાઈન તેમજ BSNL ના મોબાઈલથી ફોન કરશે તો તેનો ચાર્જ વિદ્યાર્થીઓને તેમજ માહિતી મેળવનારને લાગશે નહીં. આ વ્યવસ્થા કરવાથી વિદ્યાર્થીને તેમજ અભ્યાસકેન્દ્રને 'વિદ્યાર્થી સહાય સેવા' ઘેર બેઠાં નિ:શૂલ્ક મળી રહેશે. જેના પરિણામે વિદ્યાર્થીનો સમય અને નાણાંનો વ્યય થતો અટકશે. આ ઉપરાંત ગુજરાતભરના તમામ લોકો યુનિવર્સિટી વિશેની માહિતી ઘેર બેઠાં નિ:શૂલ્ક મેળવી શકશે . વિદ્યાર્થી સહાય સેવામાં **'નિ:શૂલ્ક ફોન સુવિધા'** ઉપલબ્ધ કરી યુનિવર્સિટી આનંદની લાગણી વ્યક્ત કરે છે. યુનિવર્સિટીનો નિ:શૂલ્ક ફોન નંબર **1800-233-1020**

### નોલેજ પોર્ટલ...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા વેબ બેઈઝડ ઓન લાઈન એજયુકેશન માટે નોલેજ પોર્ટલનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલ છે. ડિસ્ટન્સ એજયુકેશન કાઉન્સિલ, ન્યુ દિલ્હીની વિશેષ સહાયથી અને નેલનલ નોલેજ કમિશન દ્વારા જેની વિશેષ જરૂરિયાત સમજવામાં આવી છે. તેવા વેબ બેઈઝડ નોલેજ પોર્ટલનું કામપ્રથમતબકકામાંથી પસાર થઈ રહયું છે. આ પોર્ટલનો ઉદેશ્ય ઓનલાઈન એડમિશન, સ્ટડી મટીરીયલ, એકઝામીનેશન અને સર્ટિફીકેશનની સુવિધા આપવાનો છે. જેવી રીતે દૂરવર્તી શિક્ષણ પધ્ધતિથી શિક્ષણને છેવાડાના વિસ્તારો સુધી લઈ જવાનું શકય બન્યું છે તેમઆ મહત્ત્વાકાંક્ષી યોજના ગુણવત્તાયુક્ત શિક્ષણને વધારે બહોળા વિદ્યાર્થી જનસમૂહ સુધી લઈ જઈ શકશે. ગુજરાત રાજયમાં ઓનલાઈન એજયુકેશન માટે આ નોલેજ પોર્ટલ વેબ બેઈઝડ એજયુકેશન માટેનો સૌ પ્રથમ પ્રયાસ છે.

## મોબાઈલ સ્ટડી સેન્ટર...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ જેમ છેવાડાના માણસ સુધી શિક્ષણની તક પહોંચાડવા કટિબધ્ધ છે તેવી જ રીતે યુનિવર્સિટી રાજ્યના અંતરિયાળ વિસ્તાર માટે ઉપયોગી એવા ટૂંકાગાળાના અભ્યાસક્રમો દ્વારા ભૌગોલિક અને આર્થિક પ્રતિકૂળતાઓને લીધે શિક્ષણથી વંચિત એવા વર્ગ માટે એક મહત્ત્વાકાંક્ષી યોજના સાકાર કરી રહી છે. આ ઉદ્દેશથી યુનિવર્સિટી મોબાઈલ સ્ટડી સેન્ટરની શરૂઆત કરવા જઈ રહી છે જેના દ્વારા વિવિધ વિષયના સર્ટીફીકેટ કોર્સ જેવા કે યોગા, કમ્પ્યુટર, હેલ્થકેર, અંગ્રેજી વગેરે શરૂ કરવામાં આવનાર છે. આ યોજનાનો લાભ અંતરિયાળ વિસ્તારમાં ખેતી સાથે સંકળાયેલ લોકો અને મહિલાઓ વિશેષ રૂપે લઈ શકશે કે જે પ્રતિકૂળ પરિસ્થિતિઓને લીધે પારંપરિક શિક્ષણનો લાભ લઈ શક્યા નથી.

આ મોબાઈલ સ્ટડી સેન્ટર અત્યાધુનિક સાધનો અને સુવિધા જેવી કે કમ્પ્યૂટર, ઓડિયો-વિડિયો પ્લેયર, પ્રોજેક્ટર, જનરેટર વગેરેથી સજ્જ હશે. આ સુવિધા ત્યાં ઉપલબ્ધ થશે જ્યાં આ યુનિવર્સિટીના સ્ટડી સેન્ટરની સુવિધા હાલમાં ઉપલબ્ધ નથી. આ મોબાઈલ સ્ટડી સેન્ટરમાં આધુનિક સાધનો દ્વારા કમ્પ્યુટર લીટરસી, ફંકશનલ ઈંગ્લિશ, યોગા, હેલ્થકેર વગેરે વિષયો પર ઓડિયો-વિઝ્યુઅલ રજૂ કરવામાં આવશે.

## ડૉ. બાબાસાહેબ આંબેડકર વ્યાખ્યાનમાળા...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા આ વર્ષથી શિક્ષણની કડીમાં નવો ચીલો ચાતરીને જેના નામે યુનિવર્સિટીની સ્થાપના થઈ છે તેવા ડૉ. બાબાસાહેબ આંબેડકરના નામે "ડૉ. બાબાસાહેબ આંબેડકર વ્યાખ્યાનમાળા"નું આયોજન કરવાનું વિચારેલ છે. આ વ્યાખ્યાનમાળામાં શિક્ષણ અને તેને સંબંધિત વિષય ઉપર વ્યાખ્યાનો ગોઠવવામાં આવનાર છે જેમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે શિક્ષણના દૂરવર્તી શિક્ષણમાં વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરેલ છે તેવા વિદ્વાનોનો લાભ આ વ્યાખ્યાન માળામાં મળશે. આ વ્યાખ્યાન માળા દ્વારા ગુજરાતને શિક્ષણ તેમજ દૂરવર્તી શિક્ષણના નવા આયામો જાણવા મળશે. આ વ્યાખ્યાનમાળા ટૂંક સમયમાં શરૂ થનાર છે. જે શરૂ થતા જ સૌ કેન્દ્રોને તેની જાણ કરવામાં આવશે.

## યુનિવર્સિટી કેમ્પસ ડેવલપમેન્ટ...

યુનિવર્સિટીની એસ.જી.હાઈવે, છારોડી, અમદાવાદ ખાતે આવેલ જમીન કેમ્પસ ડેવલપમેન્ટ માટેની કાર્યવાહી યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત કેમ્પસ ડેવલપમેન્ટ માટે આર્કિટેકટની નિમણૂંક કરવા માટે એક કરતા વધારે આર્કિટેકે પોતાના પ્રેઝન્ટેશન રજૂ કર્યા હતા. તેમાંથી એક આર્કિટેકની નિમણૂંક કરવામાં આવી છે. તેમજ સાથે સાથે કેમ્પસ પ્લાનિંગની પણ કામગીરી શરૂ કરવામાં આવેલ છે. યુનિવર્સિટી કેમ્પસની બાઉન્ડ્રી વોલ બનાવવાનું કામ ટૂંકાગાળામાં શરૂ થનાર છે.

## વોકેશનલ અને પ્રોફેશનલ અભ્યાસક્રમો...

વોકેશનલ અને પ્રોફેશનલ અભ્યાસક્રમો અંતર્ગતની LIC ની કામગીરી પૂર્ણ થયેલ છે હાલમાં અભ્યાસ કેન્દ્રો નક્કી કરવાની કામગીરી ચાલી રહી છે. તા.10/09/07 થી પ્રવેશ અંગેની કાર્યવાહી શરૂ થશે. વધુ વિગત માટે ડૉ. ધવલ પંડ્યા, સંયોજક (વોકેશનલ અને પ્રોફેશનલ અભ્યાસક્રમો) નો મો. નં. 9427232131 પર સંપર્ક કરવો.

## વિદ્યાર્થી સહાય સેવા વિભાગ...

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ હાલ "વિદ્યાર્થી સહાયક સેવા" વિભાગ શરૂ કરેલ છે. આ વિભાગમાં વિદ્યાર્થીના પ્રવેશ, આઈકાર્ડ, મટીરીયલ તથા પરીક્ષાને લગતા બધા જ પ્રશ્નોનું નિવારણ કરવામાં આવશે. અત્યાર સુધી વિદ્યાર્થીઓએ પ્રશ્નોના નિરાકરણ માટે અલગ અલગ વિભાગોમાં જઈને માહિતી મેળવવી પડતી હતી જે હવે એક જ વિભાગમાંથી દરેક સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. કેન્દ્રને તેમજ વિદ્યાર્થીઓને "વિદ્યાર્થી સહાય સેવા" ઝડપી આપવાની તેમજ તેમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવાનું પણ યુનિવર્સિટીનું આગામી આયોજન છે. ઓપન યુનિવર્સિટી માટે "વિદ્યાર્થી સહાય સેવા" વિભાગ ખૂબ જ અગત્યતા ધરાવે છે તેથી યુનિવર્સિટી દ્વારા આ વિભાગને કાર્યાન્વિત કરેલ છે જે વિદ્યાર્થીને શ્રેષ્ઠ સહાય કરવામાં મદદ કરશે. આ વિભાગના ઈન્ચાર્જ ડૉ.હેતલ પંડ્યા છે તો સંયોજકો/પ્રોગ્રામ ઈન્ચાર્જશ્રીઓએ તેમજ વિદ્યાર્થીઓએ ઉપરોક્ત કામગીરી માટે ડૉ. હેતલ પંડ્યાનો સંપર્ક કરવો.

## ઈંગ્લિશ લેંગ્વેજ લેબોરેટરી પ્રોજેક્ટ...

ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષામાં પ્રભુત્વ મેળવી શકે તે ઉદ્દેશથી તથા રાજ્ય સરકાર દ્વારા ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને ત્રણ કરોડ રૂપિયાનું અનુદાન આપવામાં આવતા સ્પેશ્યલ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યની પસંદગી પામેલી 49 કોલેજોમાં ઈંગ્લિશ લેંગ્વેજ લેબ શરૂ કરવામાં આવી રહી છે.

આ પ્રોજેક્ટમાં બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નોડલ એજન્સી છે.આયોજન મુજબ રાજ્યની પસંદગી પામેલ 49 કોલેજોના શિક્ષકોની ટ્રેનિંગ પૈકી બેચ-1 એલ. ડી. આર.પી. ઈન્સ્ટિટ્યુટ ઓફ ટ્રેનિંગ એન્ડ રીસર્ચ, ગાંધીનગર ખાતે તા.25/07/07 થી 04/08/07 દરમિયાન યોજાયેલ. Batch IIની 29 કોલેજના શિક્ષકોની ટ્રેનિંગનું આયોજન એચ.એમ. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈંગ્લિશ રીસર્ચ એન્ડ ટ્રેનિંગ, વલ્લભવિદ્યાનગર ખાતે તા.16/08/07 થી 25/08/07 દરમિયાન કરવામાં આવેલ. સપ્ટેમ્બર માસના અંત સુધીમાં આ 49 ઈંગ્લિશ લેંગ્વેજ લેબ કાર્યરત થઈ જશે જેમાંથી પ્રથમ ઈંગ્લિશ લેંગ્વેજ લેબનું ઉદ્ઘાટન તા. 30/08/07 ના રોજ કે.કે. શાસ્ત્રી ગવર્મેન્ટ કોમર્સ કોલેજ મણીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. મુખ્યમંત્રીશ્રીએ લેબમાં વિશેષ રસ દાખવી વિદ્યાર્થીઓ સાથે અંગ્રેજી ભાષા તથા લેબનું અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્વ વધારવા અંગેની ચર્ચા કરી.આ સાથે અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, જૂનાગઢ તથા પોરબંદર ખાતે બીજી છ ઈંગ્લિશ લેંગ્વેજ લેબ ટૂંક સમયમાં જ કાર્યરત થનાર છે. આ લેબમાં ત્રણ લેવલના કોર્સનો સમાવેશ કરવામાં આવેલ છે. ફાઉન્ડેશ કોર્સ લેવલ-૧ સર્ટિફીકેટ કોર્સ લેવલ-૨ ડિપ્લોમા કોર્સ લેવલ-૩. ઉપરોક્ત કોર્સ ત્રણ મૂલ્યાંકન વિશેષ ટ્રેનિંગ પ્રાપ્ત કરેલ મૂલ્યાંકનકાર દ્વારા કરવામાં આવશે તથા અભ્યાસક્રમનું પ્રમાણપત્ર ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા એનાયત કરવામાં આવશે. આ અભ્યાસક્રમના તજજ્ઞોની તાલીમની જવાબદારી શ્રી એચ.એમ.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈંગ્લિશ એન્ડ રિસર્ચ, વલ્લભવિદ્યાનગરને સોંપવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ સંબંધિત વધુ માહિતી માટે પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર કુ.સુરભી એ.ભપલ વ્યાખ્યાતા અંગ્રેજી, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો સંપર્ક કરવો.

## પ્રવેશ વિભાગ...

ઓગસ્ટ-2007 ના શૈક્ષણિક સત્રની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઈ ગયેલ છે જેમાં કુલ યુનિવર્સિટી ખાતે અંદાજે 45000 જેવા ફોર્મ (પ્રમોટી સાથે) મળેલ. જેમાંથી જે કેન્દ્રો પર 50 કે તેના કરતાં વધારે વિદ્યાર્થીઓએ ફોર્મ ભરેલ છે તેવા 178 અભ્યાસ/પ્રોગ્રામકેન્દ્રો પર 42500ની આસપાસ વિદ્યાર્થીઓના નામ, સરનામા, એનરોલમેન્ટ નંબરવાળી યાદી મોકલી આપવામાં આવેલ છે. તેમજ જે કેન્દ્રો પર 50 થી ઓછા વિદ્યાર્થીઓ નોંધાયેલાં છે તેવાં કેન્દ્રોને હાલ ચાલુ રહે છે કે સુષુપ્ત તે જણાવવામાં આવેલ નથી. હાલમાં અંદાજિત 1500 વિદ્યાર્થીઓના ફોર્મ ક્ષતિવાળા હોવાથી તેમને ક્ષતિપૂર્તતા માટે અત્રેથી પત્ર દ્વારા જણાવેલ છે. જે ક્ષતિપૂર્તતા થતા યુનિવર્સિટી અંદાજે 20/09/2007 એ બીજી અને છેલ્લી પ્રવેશયાદી બહાર પાડશે. જેમાં જે કેન્દ્રો ચાલુ છે તે કેન્દ્રોનાં વિદ્યાર્થીઓની બીજી યાદી તેમને મોકલવાંમાં આવશે તથા જે કેન્દ્રો પર હાલ 50 થી ઓછા વિદ્યાર્થીઓ છે તેમાં ક્ષતિવાળા ફોર્મ ઉમેરાતા જે કેન્દ્રો પર 50 થી વધારે વિદ્યાર્થીઓ થશે તે કેન્દ્રો ચાલુ રાખવામાં આવશે તેમજ જે કેન્દ્રો પર 50 થી ઓછા વિદ્યાર્થીઓ રહેશે તે કેન્દ્રના વિદ્યાર્થીઓને નજીકના કેન્દ્ર પર તબદીલ કરવામાં આવશે અને તેની જાણ જે તે કેન્દ્રને કરવામાં આવશે. તો બીજી યાદી મોકલ્યા બાદ જે તે કેન્દ્ર પર વિદ્યાર્થીઓએ પ્રવેશ ફોર્મ ભરવા છતાં વિદ્યાર્થીઓના નામ ન આવ્યા હોય તેમજ નામ-સરનામાં ક્ષતિ રહી હોય તેમને કેન્દ્ર દ્વારા જ પૂરતા આધારો સાથે 15/10/2007 પહેલાં સંયોજક/પ્રોગ્રામઈન્ચાર્જશ્રીએ પત્રથી પ્રવેશ વિભાગને જાણ કરવાની રહેશે. ત્યારબાદ વિદ્યાર્થીની કે કેન્દ્રની પ્રવેશ અંતર્ગત રજૂઆત સ્વીકારવામાં આવશે નહિ. અભ્યાસકેન્દ્ર અને વિષય બદલી અંગે વિદ્યાર્થીઓએ 25 ઓક્ટોબર સુધીમાં અરજી કરવાની રહેશે.

DPCA અભ્યાસક્રમ અંગેની પ્રવેશ પરીક્ષા યુનિવર્સિટી ગોઠવશે ત્યારે તમામ પ્રવેશાર્થીઓને તેની પત્રથી જાણ કરવામાં આવશે અને નિયમાનુસાર તેની પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવશે તેમજ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સ્ટર્લિંગ હોસ્પીટલ, અમદાવાદ તેમજ વડોદરા ખાતે કેન્દ્ર ફાળવવામાં આવશે.

### યુનિવર્સિટીના પ્રવેશની નવી કાર્યયોજના...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પ્રવેશાર્થીઓને પૂરતો સમય મળી રહે તેમજ કેન્દ્રો પર ચોક્કસ સમયમર્યાદામાં કામનું ભારણ ઓછું થાય તથા યુનિવર્સિટી પ્રવેશની પ્રક્રિયા રોજની રોજ કરી શકે તે હેતુથી માત્ર એક મહિનાનો પ્રવેશ માટેનો સમયગાળો આપવાના બદલે ત્રણ મહિનાનો સમયગાળો આગામી સત્રથી આપવામાં આવનાર છે. જેથી યુનિવર્સિટીની ફેબ્રુઆરી-2008 ના પ્રવેશસત્રની પ્રવેશ જાહેરાત અંદાજે ઓક્ટોબરના પ્રથમસપ્તાહમાં આવશે. જે ડિસેમ્બરના અંત સુધી વિદ્યાર્થીઓ પ્રવેશફોર્મ ભરી શકશે. પ્રવેશ પ્રક્રિયા Online તેમજ મેન્યુઅલી બંને પધ્ધતિથી થશે. પ્રવેશ જાહેરાતથી એક મહિના સુધી પ્રવેશ માત્ર Online દ્વારા જ થશે તેમજ બે મહિના મેન્યુઅલ તેમજ Online પ્રવેશ થશે તો જે કેન્દ્રને Online એડમિશન અંગે પડતી મુશ્કેલીનું નિવારણ સપ્ટેમ્બરના અંત સુધીમાં લાવી દેવું તેમજ કોઈ કેન્દ્ર પાસે Online એડમિશનનો પાસ વર્ડ ન હોય તો તે યુનિવર્સિટી ખાતેથી પત્ર મોકલી મેળવી લેવો.

ઉપરોક્ત પ્રવેશ સમયગાળો લંબાવવાથી પ્રવેશાર્થીઓને પૂરતો સમય મળી રહેશે. યુનિવર્સિટીની પ્રવેશ પ્રક્રિયા સમયસર થઈ આગામી શૈક્ષણિક સત્ર સમયસર શરૂ કરી શકાશે તેમજ Online પ્રવેશ વધશે. વિદ્યાર્થીઓને ક્ષતિપૂર્તતા માટે પૂરતો સમય મળી રહેશે.

ફેબ્રુઆરી-2008 ના પ્રવેશ અંગેની યુનિવર્સિટી તરફથી જરૂરી માહિતી આપતો પત્ર આપને જાહેરાત આવ્યા પહેલાં મોકલી આપવામાં આવશે. પ્રવેશ અંગેની કોઈપણ માહિતી અંગે પ્રવેશ ઈન્ચાર્જ શ્રી દશરથ જાદવ વ્યાખ્યાતા ગુજરાતીનો સંપર્ક કરવો.

## પરીક્ષા વિભાગ...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા માર્ચ-એપ્રિલ-2007 માં લેવાયેલ નીચેની પરીક્ષાઓના પરિણામ જાહેર કરવામાં આવેલ છે અને યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| 1. MEG | 11. DCH | 21. CCSE-1 |
| 2. MGT | 12. DFM | 22. CTM |
| 3. MHD | 13. DDT | 23. CTE |
| 4. MSO | 14. DIT | 24. CFN |
| 5. MVRE | 15. DACA | 25. CES |
| 6. MVPM | 16. DAA | 26. CCCD |
| 7. MSW | 17. DIN | 27. CIN |
| 8. B.A. | 18. DOR | 28. CYS |
| 9. B.Com. | 19. CIC | 29. CHR |
| 10. DCE | 20. CCC | 30. B.P.P. |

આગામી સત્રાંત પરીક્ષાનો કાર્યક્રમ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવનાર છે. જેની વિદ્યાર્થીઓ અને પરીક્ષા કેન્દ્રોને જાણ કરવામાં આવશે અને યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવશે. પરીક્ષા અંગેની કોઈપણ માહિતી માટે સાકાભાઈ પટેલ મદદનીશ કુલસચિવશ્રી (પરીક્ષા)નો સંપર્ક કરવો.

## MSW વિભાગ...

MSW અભ્યાસક્રમની PAC (પ્રોગ્રામએડવાઈઝરી કમિટી) ની બેઠક તા.25/07/07 ના રોજ યોજવામાં આવી હતી. જેમાં ઉપસ્થિત સભ્યશ્રીઓએ સર્વ સંમતિથી ફિલ્ડવર્ક (પ્રાયોગિક કાર્ય I) શૈક્ષણિક શિબિરના પાઠયક્રમ સંદર્ભમાં નિર્ણયો લેવામાં આવ્યા હતા. જે અંગેની વિગત નીચે મુજબ છે.

**ફિલ્ડવર્ક (પ્રાયોગિક કાર્ય -I)...**

MSW અભ્યાસક્રમ વ્યવસાયિક કોર્સ હોવાથી ફિલ્ડવર્ક MSW-P-I (પ્રાયોગિક કાર્ય-I) નું કુલ ભારાંક 100 ગુણ છે. જે અંતર્ગત પ્રાયોગિક કાર્ય -Iનું મૂલ્યાંકન મૌખિક પરીક્ષા (Viva-Voce) દ્વારા કરવામાં આવશે. MSW પ્રથમ વર્ષ (પ્રાયોગક કાર્ય- I) માં નાપાસ થનાર અથવા ગેરહાજર વિદ્યાર્થીઓએ MSW માં પ્રથમ વર્ષનું પ્રાયોગિક કાર્ય-I પાસ કર્યા બાદ જ દ્વિતીય વર્ષમાં પ્રયોગિક કાર્ય -II આપી શકશે. વિદ્યાર્થી પ્રથમ વર્ષનું પ્રાયોગિક કાર્ય - I અને દ્વિતીય વર્ષનું પ્રયોગિક કાર્ય - II એકસાથે કરી શકશે નહીં.

**શૈક્ષણિક શિબિર**

MSW અભ્યાસક્રમમાં પ્રથમવર્ષમાં શૈક્ષણિક શિબિરમાં નાપાસ થનાર અથવા ગેરહાજર વિદ્યાર્થીઓએ જ્યાં સુધી શૈક્ષણિક શિબિરના પાઠયક્રમમાં ઉત્તીર્ણ ન થાય ત્યાં સુધી દ્વિતીય વર્ષમાં બ્લોક પ્લેસમેન્ટમાં મંજૂરી આપવામાં આવશે નહીં. MSW અભ્યાસક્રમ અંગે વધુ માહિતી મેળવવા વિભાગના ઈન્ચાર્જ શ્રી રાજુભાઈ વન નો સંપર્ક કરવો.

## Ph.D. શાખા...

એકેડેમિક પ્લાનિંગ બોર્ડની 32મી બેઠકમાં પીએચ.ડી. અભ્યાસક્રમ બાબતે નીચે મુજબના નિર્ણય કરવામાં આવ્યાં.

(i) માર્ગદર્શકના માર્ગદર્શન હેઠળ કાર્ય કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા-07 નિશ્ચિત કરવામાં આવેલ છે.

(ii) અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ વિદેશના વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન રદ કરવામાં આવે છે.

(iii) પ્રોગ્રેસ રીપોર્ટ પ્રેઝન્ટેશન વર્કશોપમાં ગેરહાજર રહેલ વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન રદ કરવામાં આવે છે.

આ અભ્યાસક્રમ વૈજ્ઞાનિક અને ગુણવત્તાપૂર્ણ બનાવવા માટે તા.22/08/2007ના રોજ નીચે જણાવેલ સભ્યશ્રીઓની પેટા સમિતિની બેઠક યોજવામાં આવી હતી.

(i) ડૉ. પી. કે. મહેતા (ii) ડૉ. આર. એસ. પટેલ

(iii) ડૉ. કમલ મહેતા (iv) પ્રો. અનિલ નાવલે

પેટા સમિતિએ Ph.D. અભ્યાસક્રમને સુવ્યવસ્થિત કરવાના હેતુથી નીચે જણાવ્યા મુજબનું સૂચન કરેલ છે.

i) પ્રવર્તમાન ઓર્ડિનન્સમાં સુધારા-વધારા કરી નવો ઓર્ડિનન્સ રચવો.

ii) Ph.D. પ્રવેશ માટે "રીસર્ચ મેથડોલોજી" પરનો એક અભ્યાસક્રમ ચાલુ કરવા ભલામણ કરવામાં આવી.

iii) સંશોધન અહેવાલની ચર્ચા કરવામાં આવી.

પીએચ.ડી અંગેની કોઈપણ માહિતી માટે ઈન્ચાર્જ ડૉ.ધર્મેન્દ્રભાઈ બકરાણીયા વ્યાખ્યાતા -એજ્યુકેશન નો સંપર્ક કરો.

## સ્કૂલ ઓફ એજ્યુકેશન...

N.C.T.E. ની માન્યતા મળતા બી. એડ્. અભ્યાસક્રમ અને પ્રવેશ પ્રક્રિયા માટેની એડવાઈઝરી કમિટીની એક બેઠક તા.10/07/07ના રોજ કુલસચિવશ્રીના કાયાર્લય ખાતે યોજાઈ ગઈ. જેમાં નીચે જણાવેલ સભ્યશ્રીઓ હાજર રહયાં હતાં.

(i) ડૉ. આર. ડી. મૂળિયા નિયામકશ્રી(ઈ.ચા)

(ii) શ્રી કે. એ. પોટા કુલસંચિવશ્રી

(iii) ડૉ. આર. એસ. પટેલ સભ્યશ્રી બી. ઓ. એમ.

(iv) શ્રી એમ. સી. પટેલ સભ્યશ્રી એ. પી. બી.

(v) શ્રી નટુભાઈ રાવલ કન્સલટન્ટશ્રી

વિસદ ચર્ચા વિચારણાને અંતે બી. એડ્. પ્રવેશ પરીક્ષાનું પરીરૂપ, પ્રવેશ ફોર્મ અને માહિતી પુસ્તકોનું માળખું તેમજ અન્ય કામગીરી નકકી કરવામાં આવી. તે સમયે નીચે જણાવેલ દસ કેન્દ્રો પર બી. એડ્. અભ્યાસક્રમ ચાલુ કરવાનું નકકી કરવામાં આવ્યું.

| ક્રમ | | અભ્યાસકેન્દ્રોનું નામ | કેન્દ્રકોડ નં. |
|---|---|---|---|
| 1. | અમદાવાદ | શ્રીમતી એમ. એન. કે. દલાલ એજ્યુકેશન કોલેજ ફોર વિમેન, વી. એસ. હોસ્પિટલ પાછળ, કોંગ્રેસ ભવનની બાજુમાં, એલિસબ્રીજ, અમદાવાદ-380006 | 0780101 |
| 2. | અમદાવાદ | શ્રી પ્રકાશ કોલેજ ઓફ એજ્યુકેશન, ગુલાબ ટાવર, રુદ્રવન સોસાયટી સામે, થલતેજ, અમદાવાદ-380054 | 0780102 |
| 3. | ગોધરા | સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન, ગોધરા, સિવિલ લાઈન રોડ, જિ. પંચમહાલ, ગોધરા. | 781601 |
| 4. | ભાવનગર | ગુલાબરાય હ. સંઘવી શિક્ષણ મહાવિદ્યાલય બી. પી. ટી. આઈ. સામે, વિદ્યાનગર સોસા., ભાવનગર-364002 | 0781201 |
| 5. | સુરત | વી. ટી. ચોકસી કોલેજ ઓફ એજ્યુકેશન, અઠવાલાઈન્સ, ચોપાટી પાસે, લાલબંગલા નજીક, સુરત-395007 | 0781801 |
| 6. | મુંદ્રા | એસ. ડી. શેઠીઆ કોલેજ ઓફ એજ્યુકેશન, અંજાર રોડ, કુદરતી ઉપચાર કેન્દ્રની સામે, મુંદ્રા (કચ્છ)-370421 | 0780301 |
| 7. | સુરેન્દ્રનગર | સી. એચ. શાહ મૈત્રી વિદ્યાપીઠ સુરેન્દ્રનગર, માનવમંદિર પાસે, સુરેન્દ્રનગર-363002 | 0782001 |
| 8. | જામનગર | ડી. જી. શિક્ષણ મહાવિદ્યાલય અલિયાબાડા, જિ. જામનગર-361110 | 0780601 |
| 9. | પાટણ | એલ. એન. કે. કોલેજ ઓફ એજ્યુકેશન, યુનિ. રોડ, પાટણ (ઉ. ગુ.)-384265 | 0782401 |
| 10. | મોડાસા | બી. ડી. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન, કોલેજ રોડ, મોડાસા-383315 | 0781701 |

બી. એડ્. પ્રવેશ પરીક્ષાનું આયોજન તા.26/08/07 (રવિવાર)નાં રોજ નીચે જણાવેલ કેન્દ્રો પર કરવામાં આવેલ જેમાં જણાવ્યા મુજબનાં કુલ 2404 પ્રવેશાર્થીઓ પ્રવેશ પરીક્ષામાં બેઠા હતાં.

| કેન્દ્રનું નામ | કેન્દ્રનું સરનામું | વિ. સંખ્યા |
|---|---|---|
| (01)-A અમદાવાદ | શ્રી એસ. એન. કે. દલાલ કોલેજ ઓફ એજયુકેશન ફોર વિમેન, વી. એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ, અમદાવાદ. | 480 |
| (01)-B અમદાવાદ | શ્રી દામુભાઈ શુકલ માધ્યમિક શાળા, પાલડી બસ સ્ટેન્ડ સામે, | 663 |
| (02) રાજકોટ | PAC 8 ટીચીંગ સ્ટાફ કવાર્ટર સૌરાષ્ટ્ર યુનિ. કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ. | 473 |
| (03) પાટણ | એલ. એન. કે. કોલેજ ઓફ એજયુકેશન, યુનિ. કેમ્પસ, (ઉ. ગુ.) | 254 |
| (04) સુરત | વી. ટી. ચોકસી કોલેજ ઓફ એજયુકેશન, અઠવા લાઈન્સ, ચોપાટી પાસે, લાલ બંગલા નજીક, સુરત. | 480 |
| (05) મુંદ્રા | એસ. ડી. શેઠીયા કોલેજ ઓફ એજયુકેશન, અંજાર રોડ, કુદરતી ઉપચાર કેન્દ્રની સામે, મુંદ્રા (કચ્છ). | 51 |

પ્રવેશ પ્રક્રિયા માટેનું મંજૂર થયેલ અંદાજિત સમયપત્રક આ મુજબ છે.

| | | |
|---|---|---|
| ૦૩-૦૯-૨૦૦૭ | સોમવાર | બી.એડ્. પ્રવેશ પરીક્ષાનાં |
| ૧૦-૦૯-૨૦૦૭ | સોમવાર | પરિણામની જાહેરાત પ્રવેશ |
| ૧૫-૦૯-૨૦૦૭ | શનિવાર | માટે મેરીટ યાદીની જાહેરાત કટ ઓફ માર્કસ (સ્કોર)ની જાહેરાત. |
| ૦૬-૧૦-૨૦૦૭ | શનિવાર | |
| ૦૭-૧૦-૨૦૦૭ | રવિવાર | એડ્મીશન કાર્યવાહી દરરોજ |
| ૦૮-૧૦-૨૦૦૭ | સોમવાર | સવારે ૯:૦૦ કલાકે શરૂ થશે |
| ૨૭-૧૦-૨૦૦૭ | શનિવાર | પ્રથમસત્રની શરૂઆત |
| ૨૮-૧૦-૨૦૦૭ | રવિવાર | |

બી.એડ્ અંગેની વધુ માહિતી માટે ડૉ. મીનાબેન રાજપૂતનો સંપર્ક કરવો.

નોંધ : ઉપરોક્ત કાર્યક્રમમાં સંજોગાવસાત ફેરફારની શકયતા છે.

## સ્પેશિયલ બી.એડ.

આર.સી.આઈ. માન્ય યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. સ્પેશિયલ એજ્યુકેશનની તૈયાર થયેલ અભ્યાસસામગ્રી અને અન્ય બાબતોની વિશદ ચર્ચા એપેક્ષ કમિટિની બેઠકમાં તા.21/08/07 ના રોજ આર.સી. ટેકનિકલ કોલેજના કોન્ફરન્સ હોલમાં નિયામકશ્રી (ઈ.ચા)ના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી .જેમાં R.C.I.ના સભ્યશ્રીઓ ડૉ.ભૂષણ પૂનાની, ડૉ. હેમલત્તા બહેન તથા યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા સ્પેશ્યલ બી.એડ્.ના સાત કેન્દ્રના સંયોજકશ્રીઓ હાજર રહયા હતા. જેમાં નીચેની બાબતો અંગે ચર્ચા કરવામાં આવી હતી તેમજ નિર્ણયો લેવામાં આવ્યા હતા.

1) આર.સી.આઈ.ના નિયમાનુસાર કોમન એન્ટ્રન્સ ટેસ્ટનું ઓન લાઈન આયોજન કરવામાં આવશે. જેમાં યુનિવર્સિટી પણ જોડાશે.
2) આગામી વર્ષથી ફીનું ધોરણ રૂપિયા 15,000/- આર.સી.આઈ.એ કરી છે.તે મુજબ કરવું.
3) અભ્યાસક્રમના સાહિત્યમાં શબ્દસૂચિ મૂકવી.
4) તૈયાર થયેલ અભ્યાસસામગ્રીનું રીવ્યું કમિટી દ્વારા પુનઃ મૂલ્યાંકન કરાવવું.
5) દર ત્રણ માસને અંતે અભ્યાસકેન્દ્ર સંયોજકશ્રી સાથે એક સંયુકત બેઠક યોજવી.

**સ્પેશયલ બી.એડ.ના અભ્યાસકેન્દ્રો**

| ક્રમ | અભ્યાસકેન્દ્રનું નામ | કેન્દ્રકોડ નંબર | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| 1 | બ્લાઈંડ પીપલ્સ એસોસીએશન સુરદાસ માર્ગ, ડૉ. વીક્રમસારાભાઈ રોડ,વસ્ત્રાપુર, અમદાવાદ-380015 | 0770101 | 66 |
| 2 | બી.એમ. ઈન્સ્ટિટ્યુટ ઓફ મેન્ટલહેલ્થ નેહરુબ્રીજ, આશ્રમરોડ, નવરંગપુરા, અમદાવાદ -380009 | 0770102 | 39 |
| 3 | ગુજરાત કેળવણી ટ્રસ્ટ, સેન્ટ ઝેવીયર્સ સ્કૂલની સામે, મિરઝાપુર, અમદાવાદ-38001 | 0770103 | 40 |
| 4 | ટ્રેઈનીંગ કોલેજ ફોર ટીચર્સ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયાની સામે, આશ્રમરોડ, નવરંગપુરા, અમદાવાદ-380009 | 0770104 | 15 |
| 5 | મેડીકલ કેર સેન્ટર ટ્રસ્ટ, ચીલ્ડ્રન્સ હોસ્પીટલ, કારેલીબાગ, વડોદરા-390018 | 0771501 | 40 |
| 6 | બ્લાઈંડ વેલફેર કાઉન્સીલ, હોસ્પીટલ રોડ, રેલ્વે ઓવરબ્રીજ નજીક, પો. નં. 155, દાહોદ-389151 | 0770901 | 35 |
| 7 | શ્રી કે.એલ. ઈન્સ્ટિટ્યુટ ફોર ડીફ, પી.એન. સોસાયટી ફોર રીલીફ ઓફ ડીસેબ્લેડ, 51, વિદ્યાનગર, ભાવનગર-384002 | 0771201 | 85 |
| 8 | કોલેજ ઓફ સ્પેશીયલ એજ્યુકેશન, નવી દુધઈ, ભૂજ | 0770301 | 20 |
| | વિદ્યાર્થીઓની કુલ સંખ્યા | | 340 |

સ્પેશ્યલ બી.એડ અંગેની વધુ માહિતી માટે ડૉ. ધર્મેન્દ્ર બકરાણીયાનો સંપર્ક કરવો.

## અભ્યાસકેન્દ્રો તરફ...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી હાલ ગુજરાતના તમામ જીલ્લાઓને આવરી લઈને 295 અભ્યાસકેન્દ્રો /પ્રોગ્રામકેન્દ્રો દ્વારા સમગ્ર ગુજરાતમાં દૂરવર્તી શિક્ષણ પૂરું પાડી રહી છે. દરેક સંસ્થાની ભૌતિક અને શૈક્ષણિક સુવિધા અનુસાર જે તે કેન્દ્ર પર અભ્યાસક્રમો ચલાવવાની મંજૂરી આપવામાં આવેલ છે.

યુનિવર્સિટીના પ્રસ્થાપિત કેન્દ્રોના Review અંગે તથા નવા સ્થપાતા કેન્દ્રોની LIC અંગે કાર્યવાહી હાલ સતત ચાલુ જ છે તે મુજબ ગુજરાતના જુદા જુદા જીલ્લા મુજબ જુદા જુદા સમિતિ સભ્યોને LIC/Review અંગેની કામગીરી વહેંચવામાં આવેલ છે. તેઓના રીપોર્ટને આધારે સંસ્થાઓને Aug-2006 ના સત્રથી રીપોર્ટમાં દર્શાવેલ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવાની મંજૂરી આપવામાં આવે છે. જે સંસ્થાઓએ પોતાની ફાઈલ યુનિવર્સિટીમાં જમા કરાવી છે અને LIC ની કાર્યવાહી બાકી છે. તેઓએ કમિટી આવે ત્યાં સુધી ધીરજ રાખવા વિનંતી.

દરેક કેન્દ્રના સંયોજક/પ્રો. ઈન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે યુનિવર્સિટીના જુદા જુદા વિભાગના ફોન નંબર અગાઉ આપેલ છે. તેમાં થયેલ ફેરફાર નોંધી લેવા વિનંતી અને તે મુજબ જે તે વિભાગની કામગીરી હોય ત્યાં સીધો સંપર્ક કરવા વિનંતી. અભ્યાસકેન્દ્ર અંગેની વધુ માહિતી માટે વિભાગ ઈન્ચાર્જ શ્રી.દિલીપભાઈ કાતરીયા વ્યાખ્યાતા ઈતિહાસનો સંપર્ક કરવો.

| ક્રમ | સંસ્થાનું નામ | કેન્દ્ર કોડ |
|---|---|---|
| 1. | વી.જે. મીરાણી એજ્યુકેશન ટ્રસ્ટ, હિરાભાઈ ટાવરની સામે, ઉત્તમનગર, મણિનગર, અમદાવાદ | 0147 |
| 2. | શ્રુતિ એજ્યુકેશન ટ્રસ્ટ, બં.નં.–51ની બાજુમાં, અન્નપુર્ણા સોસાયટી, બાપુનગર, અમદાવાદ. | 0148 |
| 3. | સિન્ધેશ્વરી એજ્યુકેશન ટ્રસ્ટ, શારદા વિદ્યામંદિર હાઈસ્કુલ, વૈભવનગર પાસે, ભારવી ટાવર સામે, અમરાઈવાડી, અમદાવાદ | 0149 |
| 4. | હિન્દી ભાષા પ્રચાર સંઘ, C\o શેઠ સી એલ.કોમર્સ કોલેજ, ચર્ચ પાસે, સોનારિયા બ્લોક સામે, રખિયાલ રોડ, અમદાવાદ | 0150 |
| 5. | સ્વામી વિવેકાનંદ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, A-1, શ્રીજી બાગ સોસાયટી, બારેજા, તા.–દસ્કોઈ, જી.–અમદાવાદ | 0151 |
| 6. | હરિઓમ સેવા ટ્રસ્ટ, લવકુશ કોમ્પલેક્ષ, સુખરામનગર, ગોમતીપુર, અમદાવાદ | 0152 |
| 7. | ન્યુ ઉપાસના વિનય મંદિર,રાયપુર દરવાજા બહાર, અમદાવાદ–380022 | 0153 |
| 8. | વિવેકાનંદ એજ્યુકેશન, રાયપુર દરવાજા, મુ. પો. બહેરામપુરા. અમદાવાદ–380022 | 0154 |
| 9. | રાષ્ટ્રભારતી હિન્દી હાઈસ્કુલમા.ઉ. મા.સા. પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ, હાટકેશ્વર, સી.ટી. એમ. રોડ, ખોખરા,અમદાવાદ– 26 | 0155 |
| 10. | ન્યુ ગાયત્રી હાયર સેકેન્ડરી સ્કૂલ, ડિ–કોલોની, રેલ્વે કોલોની,અમદાવાદ-380019 | 0156 |
| 11. | ચિરાગ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, નવાપરા, ચલાલા તા.–ધારી, જી.–અમરેલી | 0213 |
| 12. | શ્રી મણીભાઈ ત્રિવેદી સ્મારક ટ્રસ્ટ, બાલમંદિર કેમ્પસ, મહુવા રોડ, સાવરકુંડલ જી.–અમરેલી. | 0214 |
| 13. | શ્રીમતી જે.સી.ધાણક આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સ્ટેશન રોડ, બગસરા, જી.–અમરેલી | 0215 |
| 14. | GMDC પ્રેરીત કચ્છ વિદ્યા પ્રતિઠાન સંચાલિત આર્ટસ્ કોલેજ ભુજ. લખપત રોડ તા. નખત્રાણા, જી. કચ્છ-370 615 | 0306 |
| 15. | કચ્છ યુવક સંઘ (મુંબઈ) સંચાલિત શ્રી. બી. બી. એમ ઉચ્ચતર મા. શાળા. બિદડા, તા. માંડવા, કચ્છ | 0307 |
| 16. | શ્રી સ્વામીનારાયણ વિદ્યાલય કૃષ્ણદર્શન ફ્લેટસ પાછળ, કોલેજરોડ, નડિયાદ. | 0420 |
| 17. | શ્રી એમ.ડી.શાહ હાઈસ્કૂલ જહેર, મુ.પો.–મોટી જહેર, તા. કપડવંજ, જી. ખેડા | 0421 |
| 18. | આદર્શ મહિલા સેવા સંઘ, પ્લોટ નં. 374/1, સેકટર નં. 22, શ્રેયસ સોસાયટી ગાંધીનગર | 0520 |
| 19. | જાગૃતિ ઉચ્ચતર મા. શાળા, જનતાનગર પાછળ, ચાંદખેડા, તા. જિ. ગાંધીનગર. | 0521 |
| 20. | શ્રીમતી સોવનબા સુરસિંહજી રાઠોડ વિદ્યાલય, મહુડી, ગાંધીનગર, મ.પો. મહુડી, તા. માણસા, ગાંધીનગર. | 0522 |
| 21. | શ્રીમતી અ.સૌ.શા.રા. ભાવસાર હાઈસ્કૂલ, મુ.પો. દોલારાણા. તા. જિ. ગાંધીનગર–382320 | 0523 |
| 22. | સરસ્વતી વિદ્યાલય, દહેગામ, સહજાનંદ કોમ્પલેક્ષ, નાંદોલ રોડ, દહેગામ–382305 | 0524 |
| 23. | શ્રી સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જોષીપુરા, જૂનાગઢ-362002 | 0715 |
| 24. | શ્રીમતી વી.એમ. ચોડેરા આર્ટસ કોલેજ, લોએજ, મુ.–લોએજ, તા.–માંગરોળ, જૂનાગઢ | 0716 |
| 25. | શ્રી સરદાર ચેરીટેબલ ફાઉન્ડેશન ટ્રસ્ટ–કેશોદ, માંગરોળ રોડ, કેશોદ, જૂનાગઢ | 0717 |
| 26. | સત્યમ સેવા ટ્રસ્ટ, હનુમંત પુરી, આઈસ ફેકટરી સામે, બોટાદ, ભાવનગર | 1214 |
| 27. | શ્રી જે. એમ. પટેલ આર્ટસ એન્ડ કોમર્સ શ્રીમતી એમ. એન. પટેલ મહિલા કોલેજ, ઉઝા, મહેસાણા | 1319 |
| 28. | શ્રીમતી કે. બી. દવે કોલેજ ઓફ એજ્યુકેશન પિલવાઈ, મુ. પો. વિજાપુર, મહેસાણા-382 850 | 1320 |

| ક્રમ | સંસ્થાનું નામ | કેન્દ્ર કોડ |
|---|---|---|
| 29. | સેવા કેન્દ્ર ચેરીટેબલ ટ્રસ્ટ, માતાના ચોકમાં સ્ટેશન સામે,મહેસાણા | 1321 |
| 30. | સેવા કેન્દ્ર, 17 સોનલ સોસાયટી, ગંજ બજાર પાછળ, મહેસાણા-384001 | 1322 |
| 31. | એલ.આર. પટેલ સેન્ટ્રલ ઈંગ્લિશ સ્કૂલ, ગાંભુ, તા. બેચરાજી, જિ. મહેસાણા–384011 | 1323 |
| 32. | શ્રી વિરતા કેળવણી મંડળ, વિરતા, તા.જિ. મહેસાણા-384225 | 1324 |
| 33. | શ્રી ગંગોત્રી એજ્યુકેશન ટ્રસ્ટ, ત્રીશા શોપીગ સેન્ટર, અમીન મીગ ચંદન સુપર માર્કટની બાજુમાં, રાજકોટ. | 1426 |
| 34. | શ્રી આર્ટસ કોલેજ દેરડી (કું) વ્યાયામ શાઈા પાસે, બસસ્ટેન્ડ પાસે, મુ. દેરડી, કુંભાજી તા. ગોંડલ રાજકોટ | 1427 |
| 35. | શ્રીમતી જે.જે. કુંડલિયા કોમર્સ કોલેજ, શાસ્ત્રી મેદાન સામે, સૂચક રોડ, રાજકોટ | 1428 |
| 36. | શ્રી બજરંગ વિદ્યામંદિર, લક્ષ્મીવાડી, રાજકોટ | 1429 |
| 37. | ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટ, રૂપાવટી, મુ. પો. વિંછીયા, તા. જસદણ, જિ. રાજકોટ-360055 | 1430 |
| 38. | શેઠ ટી.સી.કાપડીયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ. બોડેલી, વડોદરા | 1517 |
| 39. | તેજગઢ વિભાગ સાર્વજનિક કેળવણી મંડળ, મુ.પો. તેજગઢ, તા. છોટા ઉદેયપુર, જી. વડોદરા - 391160 | 1518 |
| 40. | સમર્થ હાઈસ્કુલ, 4, લક્ષ્મીનારાયણ સોસાયટી, મહાવીરનગર હિંમતનગર, સાબરકાંઠા. | 1717 |
| 41. | પ્રેરણા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, ભીલડી, તા. ડીસા. જિ. બનાસકાંઠા-385530 | 1718 |
| 42. | શ્રી મોરારજી દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બુહારી, તા.–વાલોડ, સુરત | 1811 |
| 43. | શ્રી ઉતર બુનિયાદી કન્યા વિદ્યાલય,ચોટીલા, શાસ્ત્રી નગર કન્યા વિદ્યાલય કેમ્પસ, ચોટીલા, સુરેન્દ્રનગર | 2010 |
| 44. | શ્રી.એન.એચ. સાર્વજનિક વિદ્યામંદિર અને શ્રી.કે.એચ.ચૈધરી ઉચ્ચર વિદ્યાલય, ઘીણોજ. તા. ચાણસ્મા. જી. પાટણ | 2406 |
| 45. | બાબુભાઈ મહાવિદ્યાલય, ઝીલીયા, ગાંધીઆશ્રમ, ઝીલીયા, ચાણસ્મા–પાટણ. | 2407 |
| 46. | શ્રી સંતોકબેન ઇશ્વરભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ, સુજાણપુરા, કુ. આર ડી. પટેલ મહિલા અભ્યાપન મંદિર, મુ.પો. સુજાણપુરા, તા. સિધ્ધપુર જી.પાટણ | 2408 |
| 47. | શ્રી બી. એચ. દવે અધ્યાપન મંદિર, મુ.પો. સમી, જી. પાટણ-384245 | 2409 |
| 48. | સ્ટર્લિંગ હોસ્પિટલ, વડોદરા, સ્ટર્લિંગ એડ લાઈફ ઈન્ડિયા લીમીટેડ, વડોદરા | 1519 |
| 49. | આર. એમ. પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વ્યાસવાડીની નજીક, નવા વાડજ, અમદાવાદ-380013 | 0157 |

## સેટેલાઈટ કાર્યક્રમ...

*ગુજરાત સરકાર દ્વારા સોસાયટી ફોર ક્રિએશન ઓફ ઓપરચુનિટિ દ્વારા પ્રોફીસીયેન્સી ઈન ઈંગ્લીશ (SCOPE) નું નિર્માણ કરવામાં આવ્યું છે જેનો મુખ્ય ઉદ્દેશ ગુજરાત રાજ્યનું યુવાધન અંગ્રેજી ભાષામાં પ્રભુત્વ કેળવીને તેમનાં માટે રોજગારની ઉજળી તકો ઊભી કરવાનો છે. સદર કાર્યક્રમની માહિતી આપવાનાં ઉદ્દેશથી ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના DDRS કેન્દ્રો પર તા.03-07-07નાં રોજ બપોરે ૧ થી ૨ દરમ્યાન ભાસ્કરચાર્ય ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એટવીકેશન એન્ડ જીઓ ઈન્ફોરમેટીક્સ (BISAG) સ્ટુડિયો ગાંધીનગરથી જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી અર્ચિત ભટ્ટ, શ્રીપાઠક, શ્રીહીગુ શ્રીરવી સ્વામી ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ SCOPE કાર્યક્રમનાં હેતુઓ, તેનાં તાલીમ કાર્યક્રમો, કેન્દ્રો, ફી, ટ્રેનિંગ, અંગેનાં લેવલ તથા સર્ટિફીકેટ અંગે વિસ્તૃત માહિતી યુનિવર્સિટીનાં કેન્દ્રોને આપી હતી.*

કેન્દ્રો પરથી પૂછવામાં આવેલ પ્રશ્નોનાં જવાબમાં તેઓએ કાર્યક્રમનો વિકાસ, કાર્યક્રમમાં સહભાગી સંસ્થાઓ, સંગઠનો, વ્યવસાયિક મંત્રાલયો વગેરેની પ્રમાણભૂત માહિતી આપી હતી તથા કેન્દ્રોને વધુમાં વધુ વિદ્યાર્થીઓ સુધી SCOPE કાર્યક્રમને લઈ જવા અંગે સૂચન કર્યું હતું. કાર્યક્રમનાં અંતમાં મા. મુખ્યમંત્રીશ્રીનું વક્તવ્ય પ્રસારિત કરવામાં આવ્યું હતું. જેનો હેતુ SCOPE કાર્યક્રમ શા માટે તથા મહત્તમ યુવાધન તેનો લાભ ઉઠાવે તે હતો. SCOPE કાર્યક્રમ અંગેની વધુ માહિતી માટે કો-ઓર્ડિનેટર ધાર્મિની જે. મહેતાનો સંપર્ક કરવો. જેમનો ફોન નં. ૯૨૨૮૩૫૫૫૮ છે.

## અભ્યાસક્રમો અંગેની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીની થયેલ બેઠકો...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં નીચે મુજબના અભ્યાસક્રમોની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીઓની યુનિવર્સિટી મુખ્યમથકે બેઠકો મળી અને જે તે અભ્યાસક્રમો અંગે મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

| | | |
|---|---|---|
| 1. | માસ્ટર ઓફ સોશ્યલ વર્ક | MSW |
| 2. | બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફોરમેશન સાયન્સ | BLIS |
| 3 | બેચલર ઓફ આર્ટસ, સંસ્કૃત | EST |
| 4 | સર્ટિફિકેટ ઈન ઈન્ડિયન ફીલોસોફી | CIF |
| 5 | સર્ટિફિકેટ ઈન ગુજરાતી ભાષા | CGB |

ઉપરોક્ત અભ્યાસક્રમોની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીમાં અભ્યાસક્રમ ગુણવત્તા સભર બને તથા તેનું પરામર્શન યોગ્ય નિષ્ણાત દ્વારા થાય તેમજ તેના સ્વાધ્યાયકાર્યો તૈયાર કરાવવા અને તેનું મૂલ્યાંકન કરાવવું. આ તમામ બાબતો અંગે વિશદ ચર્ચા કરી જરૂરી નિર્ણયો બેઠકમાં લેવામાં આવેલ છે. તથા જે-તે અભ્યાસક્રમોની અભ્યાસસામગ્રી ઝડપી ઉપલબ્ધ થાય તે માટેની કામગીરી પણ જે તે વિષયના નિષ્ણાતોને સોંપવામાં આવી.

## પ્રાસંગિક : સ્વાતંત્ર્યદિનની ઉજવણી...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તેમજ R.C. Technical Institute ના સંયુક્ત ઉપક્રમે R.C. Technical ના પટાંગણમાં 60માં સ્વાતંત્ર્યદિનની ઉજવણી પ્રો. અવધેશકુમાર. કે. સિંહ માન. કુલપતિશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવીને કરવામાં આવી હતી.

રાષ્ટ્રપર્વના આ કાર્યક્રમમાં R.C. Technical ના પ્રિન્સીપાલ, યુનિવર્સિટીના રજીસ્ટ્રારશ્રી, નિયામકશ્રી તેમજ બન્ને શૈક્ષણિક સંસ્થાના અધિકારીઓ, વ્યાખ્યાતા, શિક્ષકો તેમજ તમામ કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમમાં માનનીય કુલપતિશ્રીએ 1857 ના સ્વાતંત્ર સંગ્રામ વિશે જણાવતા કહયું હતું કે સંપૂર્ણ રાષ્ટ્ર 1857 ના સ્વાતંત્રતા સંગ્રામના 150 વર્ષ પૂર્ણ થયાની ઉજવણી કરી રહયું છે. 10 મે, 1857 ના રોજ મેરઠની લશ્કરી છાવણી ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શોષણ સામે એક વિદ્રોહથી આ સ્વાતંત્ર સંગ્રામના પડાવ મંડાયા હતા જે ટૂંક સમયમાં રાષ્ટ્રના અને પ્રાંતોમાં વ્યાપી મોટું સ્વરૂપ ધારણ કર્યું હતું. આ સંગ્રામમાં ઠેર-ઠેર સૈનિકો સાથે આમજનતાએ જોડાઈને વિરોધના પ્રતિભાવની નવી પરિભાષા આપી. છેલ્લા સો વર્ષના ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસને આ દેશને આર્થિક બેહાલ બનાવ્યો હતો. રાષ્ટ્રના મૂળભૂત ચિંતન પર રચાયેલ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ સમાજને આર્થિક તેમજ સામાજિક શોષણનું એક નવું માળખું બનાવ્યું હતું. આ વિષય ઉપર ગહન ચર્ચા કરવા માટે એક સેમિનારનું આયોજન કરવાનું વિચારેલ છે તેવું જણાવ્યું હતું.

R.C. Technical Institute ના પ્રિન્સીપાલે તેમના ઈન્સ્ટિટ્યુટ દ્વારા નવા ચાલુ કરેલ અભ્યાસક્રમો માટે મળેલ ગ્રાન્ટ વિશે માહિતી આપી હતી.

R.C. Technical Institute ના N.C.C. ના વિદ્યાર્થીઓની પરેડ બાદ કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

## યુનિવર્સિટી સ્નેહ સંમેલન...

તા. 17/08/07 ના રોજ યુનિવર્સિટીના વડા મથક R.C. Technical Institute ના કોન્ફરન્સ હોલમાં યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓ તથા કર્મચારીઓનું સ્નેહ સંમેલનનું આયોજન કરવામાં આવેલ. સદર સંમેલનમાં નીચે મુજબના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓ અને યુનિવર્સિટીના અધિકારીઓ હાજર રહયા હતાં.

| | |
|---|---|
| 1 ડૉ. અવધેશકુમાર સિંહ | માન. કુલપતિશ્રી |
| 2 ડૉ. આર. ડી. મૂળિયા | ઈ/ચા નિયામક |
| 3 શ્રી કે. એ. પોટા | રજીસ્ટ્રાર |
| 4 શ્રી પ્રફુલભાઈ પટેલ | સભ્યશ્રી બીઓએમ |
| 5 શ્રીમતી શ્રધ્ધાબેન રાય | સભ્યશ્રી બીઓએમ |
| 6 શ્રી લાલભાઈ પટેલ | સભ્યશ્રી બીઓએમ |
| 7 શ્રી પરાગ નાયક | સભ્યશ્રી બીઓએમ |
| 8 શ્રી ઓ. આર. પટેલ | સભ્યશ્રી બીઓએમ |

હાજર રહેલ તમામ સભ્યોને માન. કુલપતિશ્રીએ આવકાર્યા હતા. બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓએ પ્રારંભમાં પોતાનો પરિચય આપ્યો હતો અને ત્યારબાદ હાજર રહેલ યુનિવર્સિટીના તમામ કર્મચારીઓએ પોતાનો પરિચય આવ્યો હતો.

યુનિવર્સિટીના વિકાસમાં કઈ રીતે આગળ વધી શકાય અને તે અંગે આપ કઈ રીતે મદદરૂપ થઈ શકો છો તે અંગેની ચર્ચા કરવામાં આવી હતી ત્યારબાદ હાજર રહેલ કર્મચારીમાંથી ચાર યુનિવર્સિટીના કર્મચારીઓએ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી વિશે પોતાના પ્રતિભાવ આપેલ. અંતમાં રજીસ્ટ્રારશ્રીએ હાજર રહેલ સૌ સભ્યશ્રીનો આભાર માની સંમેલન પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવેલ.

## પ્રોગ્રામ ઈન્ચાર્જશ્રીઓનો અભિમુખતા કાર્યક્રમ...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના Feb - 07 અને Aug -07 નાં સત્ર દરમ્યાન નવા સ્થપાયેલ કેન્દ્રોના પ્રોગ્રામ ઈન્ચાર્જશ્રીઓનો અભિમુખતા કાર્યક્રમ અમદાવાદ અને રાજકોટ ખાતે નીચેના ઝોનમાં યોજાઈ ગયો.

### અમદાવાદ અભિમુખતા કાર્યક્રમ...

તા. 13/07/07 નાં રોજ શ્રી મેઘમણી પરિવાર એન્ડ શ્રી ભાઈલાલ એ. પટેલ, ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ફોર ગર્લ્સ, ઉમિયા કેમ્પસ, સોલા, અમદાવાદ ખાતે અમદાવાદ ઝોનના 45 નવા સ્થપાયેલ કેન્દ્રોનાં પ્રોગ્રામઈન્ચાર્જશ્રીઓના અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ, કચ્છ, ખેડા,

ગાંધીનગર, મહેસાણા, પંચમહાલ, સાબરકાંઠાં અને પાટણ તથા નર્મદા જીલ્લાનાં નવા સ્થપાયેલ કેન્દ્રોના સમાવેશ થાય છે.



કાર્યક્રમમાં દિપ પ્રાગટ્ય કરતા યુનિવર્સિટીના રજિસ્ટ્રાર, નિયામકશ્રી તથા કોલેજના પ્રિન્સિપાલ

અભિમુખતા કાર્યક્રમને બે સત્રમાં વહેંચવામાં આવેલ. પ્રથમસત્ર ઉદ્‌ઘાટન સમારંભનું હતું. જ્યારે બીજું સત્ર યુનિવર્સિટી વિશેની માહિતીની આપ-લેનું હતું. ઉદ્‌ઘાટન સત્રમાં મા. કુલપિતશ્રીનાં હસ્તે દિપપ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં કુલસચિવશ્રીએ આમંત્રિતોને આવકારી સ્વાગત પ્રવચન આપ્યુ હતું. સ્વાગત પ્રવચનમાં અભિમુખતા કાર્યક્રમપાછળનો ઉદ્દેશ તથા દૂરવર્તી શિક્ષણમાં અભિમુખતાની અગત્યતા જણાવી હતી. ત્યારબાદ નિયામક (ઈ.ચા.)શ્રીએ યુનિવર્સિટીના વિકાસમાં કેન્દ્રોની અગત્યતા અને કેન્દ્રોને કરવાની થતી કામગીરી અંગે વિસ્તૃત સમજણ આપી હતી.

પ્રો. અવધેશકુમાર. કે. સિંગ, કુલપતિશ્રીએ અધ્યક્ષીય પ્રવચન આપ્યું હતું. જેમાં યુનિવર્સિટીની વર્તમાન પરિસ્થિતિ વિશે તથા અભિમુખતા કાર્યક્રમ પાછળનો હેતુ સ્પષ્ટ કર્યો હતો તથા હાલ યુનિવર્સિટી જે પ્રણાલિથી કામ કરી રહી છે તેનાથી પ્રોગ્રામઈન્ચાર્જશ્રીઓને અભિમુખ કર્યા હતા. ઉદ્‌ઘાટન સમારંભનાં સમાપનમાં પ્રા. દશરથ જાદવે આમંત્રિત મહેમાનોનું તથા ઉપસ્થિત પ્રોગ્રોમઈન્ચાર્જશ્રીઓનો આભાર માન્યો હતો. પ્રથમસત્રને અંતે સૌ ઉપસ્થિતોએ સમૂહમાં રાષ્ટ્રગાન કર્યુ હતું.

કાર્યક્રમના બીજા સત્રમાં શ્રી પ્રા. દશરથ જાદવ (વ્યાખ્યાતા - ગુજરાતી) પ્રવેશ વિભાગ, અભ્યાસસામગ્રી, મહેકમ, પરીક્ષા તથા હિસાબ અંતર્ગત યુનિવર્સિટીની માહિતી આપી હતી તથા તેમાં ઉપસ્થિત થતા પ્રશ્નોની રજુઆત બાદ માર્ગદર્શન અને સ્પષ્ટતાઓ કરી હતી. યુનિવર્સિટી તમામ કેન્દ્રો દ્વારા Online પ્રવેશ કરે છે ત્યારે વિભાગનાં પ્રતિનિધિએ તમામ ઉપસ્થિતોને Online પ્રવેશ અંગેની વિસ્તૃત માહિતી અને અમલ માટેની માર્ગદર્શન સામગ્રી પૂરી પાડી હતી. જેથી નવા સ્થપાતા કેન્દ્રોને પ્રવેશ દરમ્યાન મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે. કાર્યક્રમમાં તમામ નવા કેન્દ્રોના પ્રોગ્રામઈન્ચાર્જશ્રીઓને રૂબરૂમાં પ્રવેશ ફોર્મ તથા જરૂરી પ્રિન્ટ મટીરીયલ અને સંલગ્ન માહિતી પૂરી પાડવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનાં અંતે ઉપસ્થિત સૌનો તથા શ્રી મેઘમણી પરિવાર એન્ડ શ્રી ભાઈલાલ એ. પટેલ ઉમિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઉમિયા કેમ્પસનો તમામ સવલતો પૂરી પાડવા અંગે આભાર માની કાર્યક્રમ પૂર્ણ જાહેર કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન ધાર્મિની મહેતા (વ્યાખ્યાતા કોમર્સી મેનેજમેન્ટ) એ કર્યું હતું.

## રાજકોટ અભિમુખતા કાર્યક્રમ...

તા. 16/07/07 નાં રોજ અંગ્રેજી ડિપાર્ટમેન્ટ - રાજકોટ ખાતે રાજકોટ ઝોનનાં 20 નવા સ્થપાયેલ કેન્દ્રોનાં પ્રોગ્રામઈન્ચાર્જશ્રીઓનો અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલી, જૂનાગઢ, ભાવનગર, રાજકોટ, સુરત, સુરેન્દ્રનગર જીલ્લાના નવા સ્થાપાયેલ કેન્દ્રોનો સમાવેશ થાય છે.

અભિમુખતા કાર્યક્રમ બે સત્રમાં વહેંચવામાં આવેલ. પ્રથમસત્ર ઉદ્‌ઘાટન સમારંભનું હતું. જ્યારે બીજુ સત્ર યુનિવર્સિટી વિશેની માહિતીની આપ-લેનું હતું. ઉદ્‌ઘાટન સત્રનો પ્રારંભ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિદ્યાર્થિનીઓએ ઈશવંદનાથી થયો હતો. કાર્યક્રમમાં નીચે મુજબના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

1- પ્રો. અવધેશકુમાર કે. સિંહ,- કુલપતિશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી.
2- ધરમભાઈ કાંબલીયા - બોર્ડ ઑફ મેનેજમેન્ટનાં સભ્યશ્રી
3- શ્રી જી. એમ. જાની રજિસ્ટ્રારશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
4- ડૉ. કમલભાઈ મહેતા - હેડ ઑફ ડીપાર્ટમેન્ટ ઈંગ્લીશ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
5- ડૉ. ઉર્વિબેન ત્રિવેદી - આસિસ્ટન્ટ રીજીયોનલ ડાયરેક્ટર - ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી પ્રાદેશિક કેન્દ્ર રાજકોટ.

તમામ મંચસ્થ મહેમાનોનાં પુષ્પગચ્છથી સ્વાગત બાદ ડૉ. ઉર્વિબેન ત્રિવેદીએ શબ્દોથી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ અધ્યક્ષીય પ્રવચનમાં મા. કુલપતિશ્રીએ યુનિવર્સિટી અંગેની માહિતી અને કાર્ય પ્રણાલીથી નવા કેન્દ્રોને અભિમુખ કર્યા હતા તથા દુરવર્તી શિક્ષણ અને પારંપરિક શિક્ષણ વચ્ચેનો તફાવત સમજાવ્યો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં રજિસ્ટ્રારશ્રીએ તેમનાં વક્તવ્યમાં જણાવ્યુ હતું કે જે તે કેન્દ્ર પર કેન્દ્ર સંચાલનની વધારાની જવાબદારી છે તેને નિષ્ઠા સાથે પૂર્ણ કરવાથી દુરવર્તી શિક્ષણમાં સહભાગી થઈ શકાય. તથા આ રીતે દુરવર્તી શિક્ષણમાં સહભાગી થવાની હિમાયત પણ કરી હતી. ઉદ્‌ઘાટન સમારંભના સમાપનમાં પ્રા. દશરથ જાદવે આમંત્રિત મહેમાનોનું તથા ઉપસ્થિત પ્રોગ્રોમ ઈન્ચાર્જશ્રીઓનો આભાર માન્યો હતો. પ્રથમસત્રને અંતે સૌ ઉપસ્થિતોએ સમુહમાં રાષ્ટ્રગાન કર્યું હતું.



કાર્યક્રમમાં દિપ પ્રાગટ્ય કરતા યુનિવર્સિટીના કુલપતિશ્રી, BOM ના સભ્યશ્રી ધરમભાઈ કાબંલિયા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રી, પ્રો. કમલભાઈ મહેતા, ડૉ. ઉર્વીબેન ત્રિવેદી, પ્રા. દશરથ જાદવ

કાર્યક્રમના બીજા સત્રમાં શ્રી દશરથ જાદવ (વ્યાખ્યાતા-ગુજરાતી) એ પ્રવેશ, અભ્યાસસામગ્રી, મહેકમ, પરીક્ષા તથા હિસાબી વિભાગ અંતર્ગત યુનિવર્સિટીની માહિતી આપી હતી. ઓનલાઈન પ્રવેશ અંગેની માહિતી શ્રી હરદિપસિંહ ગોહિલ (વ્યાખ્યાતા-અંગ્રેજી) એ આપી હતી તથા તેમાં ઉપસ્થિત થતા પ્રશ્નોની રજૂઆત બાદ માર્ગદર્શન અને સ્પષ્ટતા પ્રા. દશરથ જાદવે કરી હતી. કાર્યક્રમના અંતમાં તમામ નવા કેન્દ્રોનાં પ્રોગ્રામ ઈન્ચાર્જશ્રીઓને રૂબરૂમાં પ્રવેશફોર્મ અને જરૂરી પ્રિન્ટ મટીરિયલ તથા સંલગ્ન માહિતી પૂરી પાડવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનાં અંતમાં ઉપસ્થિત સૌનો અને અંગ્રેજી ડિપાર્ટમેન્ટ રાજકોટનો તમામ સવલતો પૂરી પાડવા અંગે આભાર માની કાર્યક્રમ પૂર્ણ જાહેર કરેલ હતો. કાર્યક્રમનું સંચાલન શ્રી હરદિપસિંહ ગોહિલ (વ્યાખ્યાતા - અંગ્રેજી) એ કર્યું હતું.

## સેમિનાર...

### દૂરવર્તી શિક્ષણ અને પરંપરાગત શિક્ષણના સુમેળ સાથે પ્રશ્નો અને અભિગમ

એકવીસમી સદીમાં શિક્ષણ દ્વારા સામાજિક અને રાષ્ટ્રીય ઉત્થાન માટે ઉચ્ચ શિક્ષણથી વંચિત રહી ગયેલા સમાજને શિક્ષણની તક પ્રાપ્ત થાય અને રાષ્ટ્રની મુખ્ય ધારામાં તેમનો સમાવેશ કરી શકાય તે હેતુથી દૂરવર્તી શિક્ષણ જરૂરી છે. પરંપરાગત શિક્ષણ અને દૂરવર્તી શિક્ષણનો સુમેળ કરવો એ વર્તમાન સમયની તાતી જરૂરિયાત છે. આ બાબતને ધ્યાનમાં લેતાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા.22 અને 23 જુલાઈ 2007 ના રોજ સ્ટેટ ટિચર ટ્રેનીંગ ઈન્સ્ટિટ્યુટ કેમ્પસ, ગાંધીનગર મુકામે "દૂરવર્તી શિક્ષણ અને પરંપરાગત શિક્ષણના સુમેળ સાથે પ્રશ્નો અને અભિગમ" વિષય પર રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. 22/07/2007 ના રોજ સરસ્વતિ દેવીની ઈષ્ટવંદના દ્વારા શરૂ થયેલ આ સેમિનારમાં પ્રથમ યુનિવર્સિટી દ્વારા તૈયાર થયેલ અભ્યાસસામગ્રી અને આયોજિત સેટેલાઈટ અને રેડિયો પ્રોગ્રામની CDનું યોજેલ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન પ્રો. વી. એન. રાજશેખરન પિલ્લઈ IGNOUના માન. કુલપતિશ્રી દ્વારા કરવામાં આવ્યું.



ડાબેથી માન. કુલપતિશ્રી ઈગ્નુ અને માન.. કુલપતિશ્રી ડૉ.બા.આં.ઓ.યુ

પ્રો. વી. એન. રાજશેખરન પિલ્લઈ IGNOUના માન. કુલપતિશ્રી દ્વારા CDની તૈયાર કરેલ સૂચિની અનાવરણ વિધિ કરવામાં આવી હતી આમંત્રિતો મહેમાનોનો પરિચય યુનિવર્સિટીના ઈ/ચા નિયામકશ્રી દ્વારા આપવામાં આવ્યો અને ભાગ લેનાર તમામ સભ્યશ્રીઓએ સ્વપરિચય આપ્યો હતો. માન. કુલપતિશ્રીના પ્રાસંગિક પ્રવચનને અંતે માન. શ્રી વી. એન. રાજશેખરન પિલ્લઈ એ પોતાના વિચારો રજૂ કરતા તેમને જણાવ્યું કે ભારતમાં દૂરવર્તી શિક્ષણ અને પરંપરાગત શિક્ષણના સુમેળ માટે જુદા-જુદા ક્ષેત્રના તજજ્ઞો અને તેમના કાર્યોની શકયતાઓ અંગે ચર્ચા કરી. સુમેળ કઈ રીતે કરી શકાય અને તેના દ્વારા દેશના આંતરિક ભાગોમાં શૈક્ષણિક તક કેવી રીતે પૂરી પાડી શકાય તે અંગે તેમજ શિક્ષણનો પ્રસાર અને પ્રચાર પર ભાર મૂકયો. દૂરવર્તી શિક્ષણ અને પરંપરાગત શિક્ષણના સંયુક્ત કાર્યક્ષેત્ર હેઠળ મિશ્ર માળખું રચી સંસ્થાઓ અને ભૌતિક સુવિધાઓનો સંપૂર્ણ ઉપયોગ કરી પ્રૌઢ શિક્ષણ, વ્યવસાયિક શિક્ષણ અને કૌશલ્ય શિક્ષણ વિકસે તે માટેનાં પ્રયત્નો હાથ ધરવા અંગે માહિતી પૂરી પાડી હતી.

સ્મૃતિ ચિહ્ન અર્પણ વિધિને અંતે યુનિવર્સિટીના કુલપતિશ્રીએ અધ્યક્ષ સ્થાનેથી કેટલીક બાબતો પર પ્રકાશ ફેંકયો જે પૈકી તેમને જણાવ્યું કે જ્યારે ટેકનોલોજીનો પણ વિકાસ ન હતો તે 17 મી સદીમાં શરૂ થયેલ સુમેળના પ્રશ્નને 20 મી સદી દરમ્યાન ખૂબ ઝડપ પકડી. આ કામગીરીમાં રાષ્ટ્રકક્ષાએ ઈગ્નુ અને રાજ્ય કક્ષાએ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ સુકાની પદ સંભાળ્યું. ભારતીય વિશ્વવિદ્યાલયોના શૈક્ષણિક ચિતાર સાથે તેમાં રહેલાં આંતરિક વિભાગો અને યુનિવર્સિટી કક્ષાએ સુમેળ એ પ્રથમ પગથિયું છે તે જણાવતાં વર્ગખંડોમાં પણ સુમેળની અગત્યતા વર્ણવી. તજજ્ઞો અને નિષ્ણાંતોના જ્ઞાનને ICT દ્વારા આંતરિક અને અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચાડવા પર ભાર મુકયો હતો. દૂરવર્તી શિક્ષણ અને પરંપરાગત શિક્ષણ વચ્ચે સુમેળનાં ભાગરૂપ ગુજરાત સરકાર દ્વારા પ્રારંભિક કામગીરીના ભાગરૂપે યુનિવર્સિટી દ્વારા વિવિધ પ્રયોગશાળાની શરૂઆત કરવામાં આવી.

સેમિનારના આ સત્રના અંતમાં યુનિવર્સિટીના કુલસચિવશ્રી દ્વારા સેમિનારની સાર્થકતા માટે તમામ હાજર રહેલ સભ્યશ્રીઓનો આભાર માન્યો.

પ્રથમ બેઠકમાં ડૉ. પી. કે. મહેતા ભૂતપૂર્વ ઉપકુલપતિ, ઈગ્નૂના અધ્યક્ષ સ્થાને આ બેઠક શરૂ થઈ હતી. જેમાં નીચે મુજબના તજ્જ્ઞોએ સેમિનારને અનુરૂપ પોતાના વિચારો રજૂ કર્યા.

1 **પ્રો. રાજન વેલુકર**, માનનીય કુલપતિશ્રી, યશવંતરાય ચૌહાણ મહારાષ્ટ્ર ઓપન યુનિવર્સિટી, મહારાષ્ટ્રએ તેમના વકતવ્યમાં તેમણે વર્તમાન સમયના શિક્ષણની સ્થિતિનો ચિતાર રજૂ કર્યો હતો. વિશિષ્ટ ઉદાહરણો દ્વારા દૂરવર્તી શિક્ષણ અને પરંપરાગત શિક્ષણના સુમેળ પર ભાર મુકતા ઈન્ફોરમેશન કોમ્યુનિકેશન ટેકનોલોજીના ઉપયોગની આવશ્યકતા અંગે ચર્ચા કરી.

2 **શ્રી ટી. પી. સિંગ** ડાયરેકટર, બાયસેક, ગાંધીનગર, તેઓશ્રીએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા "Distance Education Through Satelite" વિશે પોતાના વિચારો રજૂ કર્યા.

બીજી બેઠક યશવંતરાય ચૌહાણ મહારાષ્ટ્ર ઓપન યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી પ્રો. રાજન વેલુકરના અધ્યક્ષ સાથે નીચે મુજબના તજજ્ઞોએ તેમના વિચારો રજૂ કર્યા હતા.

1 **ડૉ. સ્વરાજ બાસુ** (Director, DEC) નીચે જણાવેલ મુદ્દાની ચર્ચા સાથે શ્રીબાસુએ " Making Education Meaningful Towards Convergence of Education" પર પોતાના વિચારો રજૂ કર્યા.

1 Reforms of higher education

2 Scope of availability or higher Education

3 Needs of Convergence
4 Adoptuion of Convergence Credit

2 **ડૉ. અનિલ નાવલે** *(ભૂતપૂર્વ અધ્યક્ષ,* MSW *વિભાગ, એમ.એસ. યુનિ., વડોદરા) દૂરવર્તી શિક્ષણ સામેના પ્રશ્નો અને તે અંગેના સૂચનો સાથે નીચેના વિષયો પર તેમના વિચારો રજૂ કર્યા હતા.*

" Challenges in Distance Education Systems & Suggestions"

3 **ડૉ. શશીરંજન યાદવ** *(પૂર્વ સભ્યશ્રી* B.O.M *ડૉ.બા.આં.ઓ.યુ.) આંકડાકીય માહિતી સાથે ઓપન યુનિવર્સિટીના કાર્યક્ષેત્રની તેમને* "Reach on Open University in Gujarat" *પર તૈયાર કરેલ સંશોધન પત્ર રજૂ કર્યુ હતું.*

*તા.*23/07/2007 *ના રોજ* **ડૉ.અવધેશકુમાર કે. સિંહ, માન. કુલપતિશ્રી,** *ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અધ્યક્ષ સ્થાને પ્રથમ બેઠકની શરૂઆત થઈ હતી. જેમાં નીચે મૂજબના તજજ્ઞોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા.*

**1 શ્રી ડૉ. પી. કે. મહેતા** *પૂર્વ ઉપકુલપતિશ્રી,* IGNOU *ના એ નીચે મુજબના વિચારો સહ દૃષ્ટાંત રજૂ કર્યા.*

1 દૂરવર્તી શિક્ષણની જરૂરિયાત
2 સ્ટાફ ટ્રેનિંગની અગત્યતા
3 સુમેળના ત્રણ પગથિયાં
  1 સુમેળના વિચારોની સ્વીકૃતિ
  2 કાર્યક્ષેત્રની વ્યુહરચના
  3 સૂમેળના ક્ષેત્રની ઓળખ

**2 સી. કે. ઘોષ (ડાયરેક્ટર, રજીયોનલ સર્વીસીસ, ઈગ્નો)**

*શિક્ષણના મધ્યસ્થાને અધ્યાપકની જરૂરિયાત વર્તમાન સદીમાં જ્ઞાન શક્તિની સમજ વિશે ટી. એ. ઓરીસન, આઈન્સ્ટાઈન, વિવેકાનંદ, ટાગોર, ગાંધીજી વગેરેના દૃષ્ટાંત દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રો વિશેની સમજ એજ્યુસેટ, સાક્ષાત નોલેજ પોર્ટરનું કાર્યક્ષેત્ર અને તેની ઉપયોગિતા વિશે માહિતી આપી હતી.*

**ડૉ.મહેશચંદ્ર યાજ્ઞિક** *(હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ એજયુકેશન, વલ્લભવિદ્યાનગર) ના અધ્યક્ષસ્થાને દ્વિતીય દિવસની બીજી બેઠક શરૂ થઈ હતી. જેમાં નીચે મુજબના તજજ્ઞોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા.*




**માન.કુલપતિશ્રી, ઈગ્નુ, માન.કુલપતિશ્રી ડૉ.બાઆઓયુ, પૂર્વ ઉપકુલપતિશ્રી ઈગ્નુ, ઇ.ચા. નિયામકશ્રી,ડૉબાઆઓયુ. શ્રીમતી ગીતા પિલ્લઈ, ડૉ.સ્વારાજ બાસુ,ડાયરેક્ટર ,રેક**

1 *વહીવટી નિપુણતા ધરાવતા નિરમા યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. ડી. વી. છાયાએ શિક્ષણની વર્તમાન સમયની વિકાસ માટેની વિવિધ ધારાધોરણની સમજૂતી પૂરી પાડી અને સ્વાયત્ત અને સ્વનિર્ભર શિક્ષણની જરૂરિયાત અને તેના સુમેળ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા.*

2 *એમ.એસ. યુનિવર્સિટીના શિક્ષણ શાસ્ત્ર વિભાગના પ્રો. અને હેડ ડૉ.સતીન્દ્ર કુમારે રાષ્ટ્રનો વિકાસ, શિક્ષણ પધ્ધતિ પર આધારિત છે તે બાબતે પોતાના વિચારો રજૂ કરતા જણાવ્યું કે વર્તમાન ઉચ્ચ શિક્ષણમાં સુવિધાનો અભાવ છે છતાંપણ તેની સેવાઓ અનિવાર્ય બની ગઈ છે. સેમિનારના વિષયને અનુરૂપ સૂમેળના લાભાલાભની ચર્ચા કરી હતી.*

3 *આઈ.એચ.ટી.એમ.ના પ્રતિનિધિશ્રી ડૉ. અરવિંદો ઘોષે તેમની યુનિવર્સિટી દ્વારા હોસ્પીટાલીટી મેનેજમેન્ટના વિષયો પર શરૂ થતા નવા અભ્યાસક્રમો અંગે વિસ્તૃત સમજૂતી પૂરી પાડી હતી. તેઓએ સુમેળના વિચારો અને માર્કેટિંગના સિદ્ધાંતો વિષય પર ચર્ચા યોજી હતી. યુનિવર્સિટીના પ્રચાર અને પ્રસારના સંદર્ભમાં સમાજના મૂળ સુધી પહોંચવા માટે માર્ગદર્શન પૂરું પાડયું હતું.*

4 *નદીઓના સંગમના ઉદાહરણ દ્વારા શિક્ષણના પરંપરાગત વિચારો રજૂ કરતા ડૉ. શૈલેન્દ્ર શર્મા (પ્રિન્સીપાલ એકલવ્ય ટ્રેનિંગ સ્કૂલ) એ જ્ઞાનની મદદથી માણસને મજબૂત કરવા અને તેની સેવાઓનો લાભ લેવા પર પ્રકાશ ફેંક્યો. વાસ્તવિક ઉદાહરણો દ્વારા આંતર વિષયક જ્ઞાનની પ્રણાલી ઉપર તેઓએ સમજૂતી પૂરી પાડી હતી.*

5 *ડૉ. ડી. એમ. દવે (*MSW *વિભાગ, એન.એસ. યુનિવર્સિટી, બરોડા) એ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા થયેલા તાલીમી કાર્યક્રમોને સચિત્ર રજૂ કરી કાર્યક્રમની સફળતાને વર્ણવી તેઓએ ઉદાહરણો દ્વારા વર્ગખંડ શિક્ષણ અને ક્ષેત્રિય કાર્ય પર રજૂઆત કરી સરકારશ્રી, સ્વૈચ્છિક સંસ્થામાં શૈક્ષણિક સંસ્થાઓ વગેરેના સુમેળ વિશિષ્ટ વિદ્યાર્થીઓ માટે તંદુરસ્ત શિક્ષણનું પર્યાવરણ ઉભુ કરવા માટેની રજૂઆત કરી હતી.*

*સી.કે.ઘોષના અધ્યક્ષસ્થાને અને ડૉ. વી. કે. પ્રજાપતિ કા.કુલપતિશ્રી, શ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણના મુખ્ય મહેમાન સ્થાને તૃતીય બેઠક શરૂ થઈ હતી. જેમાં નિયામકશ્રી આર. ડી. મૂળિયાએ આભાર વ્યકત કર્યો અને મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત માન. કુલપતિશ્રી ડૉ.એ.કે. પ્રજાપતિ સાહેબે માહિતી અને ટેકનોલોજીની જરૂરિયાત પર ચર્ચાની શરૂઆત કરી વિશિષ્ટ ઉદાહરણો દ્વારા તકનિકી સુમેળ અને તેનો સંસ્થાકીય સુમેળ કઈ રીતે કરી શકાય તે સમજાવ્યું હતું. તેઓએ વર્તમાન શિક્ષણની જરૂરીયાતો સુમેળ દ્વારા સંતોષી શકાય તે બાબતને સ્પષ્ટ કરતાં સુમેળના લાભાલાભ જણાવ્યા હતા.*

*બે દિવસીય આ સેમિનારમાં પ્રત્યેક બેઠકને અંતે પ્રશ્નોત્તરી અને ચર્ચા યોજાઈ જેમાં હાજર રહેલ તમામ આમંત્રિતો અને યુનિવર્સિટીના વ્યાખ્યાતાશ્રીઓએ ભાગ લીધો. સંશોધનપત્ર કે અભ્યાસપત્ર રજૂ કરનાર દરેક વ્યક્તિએ માહિતી સભર અને વિશિષ્ટ દિશાસૂચક વકતવ્ય રજૂ કર્યા હતા જેના દ્વારા નવા વિચાર અને સંકલ્પનાઓની સ્પષ્ટતા, સુમેળનું કાર્યક્ષેત્ર, સુમેળની સ્વીકૃતિ અને સુમેળની જરૂરિયાત અંગેના પ્રાધાન્યને રજૂ કરવામાં આવ્યું. જો તેમાંથી એકપણ રજૂઆતને અમલમાં મૂકવામાં આવશે તે સુમેળનું પહેલું પગથિયું હશે. આમ જોતાં આ બે દિવસીય રાષ્ટ્રીય સેમિનાર ખરેખર ખૂબ જ સફળ રહયો હતો.*

## 1857નો સ્વાતંત્ર સંગ્રામએક પુનર્વલોકન

'1857 નો સ્વાતંત્ર સંગ્રામએક પુનર્વલોકન' વિષય પર તારીખ 29 સપ્ટેમ્બર 2007 ના રોજ જી.સી.આર.ટી, ગાંધીનગર ખાતે એક દિવસીય નેશનલ સેમિનારનું આયોજન કરેલ છે.

આ ઐતિહાસિક સંગ્રામને આજે દોઢસો વર્ષ પૂર્ણ થઈ ગયા છે. સમગ્ર દેશ તેને ઉજવી રહયું છે ત્યારે ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ આ સેમિનારનું આયોજન કર્યુ છે. આ આયોજનનો ઉદ્દેશ આ સંગ્રામના ઘણા પ્રકાશમાં ન આવેલા આયામો તરફ પ્રકાશ પાડવાનો છે. આ સંગ્રામને દોઢસો વર્ષ થયા છતાં પણ હજી તેમના સ્વરૂપ અને વિસ્તાર અંગે મતભેદ પ્રવર્તે છે. આ સેમિનારનો ઉદ્દેશ છેલ્લા ઘણા સમયથી થયેલ સંશોધનના ઉપયોગ કરીને આ આંદોલન વિશે સામૂહિક ચિંતન વિકસાવવાનો છે.

આ સેમિનાર સંગ્રામના મુખ્યત્વે છ વિભાગો તરફ સંશોધનના આધારે નવો પ્રકાશ પાડવાનો છે. આ વિભાગો નીચે મુજબ છે.

1. 1857 ના સ્વાતંત સંગ્રામની કારણ પરંપરા
2. વિદ્રોહ પછી બ્રિટીશ નિતિઓમાં આવેલ પરિવર્તન અને તેની રાષ્ટ્રીય ચળવળ પર અસર
3. 1857 ના સ્વાતંત્ર સંગ્રામનો વિસ્તાર અને નેતૃત્વ
4. જનસમૂદાયનો સહભાગ
5. લોકસાહિત્યમાં અસરો
6. 1857 નો સ્વાતંત્ર સંગ્રામમાં ગુજરાતની ભૂમિકા

આ સેમિનારમાં ઈતિહાસના આશરે 50 જેટલા વ્યાખ્યાતાશ્રીઓ ભાગ લેનાર છે.

## યુનિવર્સિટીના ટેલિફોન નંબર વિદ્યાર્થી સહાય માટે

યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને કેન્દ્રોના સંયોજકોનો યુનિવર્સિટીમાં સંપર્ક ન થવાની ફરિયાદોને ધ્યાને લઈને યુનિવર્સિટીના જુદા જુદા વિભાગના વડાઓને મોબાઈલ આપવામાં આવેલ છે. જે દ્વારા વિદ્યાર્થીઓ તથા સંયોજકશ્રીઓ જે તે વિભાગ સાથે સીધો સંપર્ક કરી શકશે અને સમસ્યાનો નિકાલ કરી શકશે.

| અધિકારીશ્રીનું નામ | વિભાગનું નામ | મોબાઈલ નં. |
|---|---|---|
| શ્રી આર.ડી.મુખિયા | ઈ/ચા. નિયામકશ્રી | 9825084285 |
| શ્રી કે.એ.પોટા | કુલસચિવશ્રી | 27413748 |
| શ્રી રામનારાયણ ઐયર | માન.કુલપતિશ્રીના અંગત સચિવ | 92283 55550 |
| શ્રી સાંકાભાઈ ના. પટેલ | પરીક્ષા | 92283 55545 |
| શ્રી દશરથ જી. જાદવ | પ્રવેશ | 92283 55547 |
| શ્રી એલ. એન. નાઈ | મટીરીયલ(ગોડાઉન) | 92283 55561 |
| શ્રી દિલીપ કાતરિયા | અભ્યાસકેન્દ્ર સંચાલન | 92283 55549 |
| કુ. ધાર્મિની મહેતા | અભ્યાસસામગ્રી વિકાસ | 92283 55548 |
| શ્રી એસ. સી. શાહ | હિસાબી | 92283 55557 |
| શ્રી રામભાઈ એ. પટેલ | વહીવટ | 92283 55560 |
| શ્રી સંકેત પટેલ | કમ્પ્યુટર | 92283 55562 |
| ડૉ. કુસુમ શર્મા | સ્વાધ્યાયકાર્ય | 92283 55546 |
| શ્રી દિપેશ વાય. જાની | એસ્ટેટ | 92283 55570 |

વેબસાઈટ : www.baou.org ઈ-મેઈલ : feedback@baou.org

## SC/ST શિષ્યવૃત્તિ અંગે...

પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ અંગેની કામગીરી ઝડપી બને તથા અનુસૂચિત જાતિ/જનજાતિના વિદ્યાર્થીઓને શક્ય તેટલી ઝડપે તેનો લાભ મળી શકે તે હેતુથી ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા SC/ST સેલ શિષ્યવૃત્તિ વિભાગની અલગથી રચના કરવામાં આવેલ છે. જેથી સંયોજકશ્રી તથા વિદ્યાર્થીમિત્રોને શિષ્યવૃત્તિ અંગેની કોઈપણ મુશ્કેલી કે જાણકારી અંગે SC/ST સેલનો સંપર્ક કરવો. હાલ શિષ્યવૃત્તિના ફોર્મ ચેકિંગની કાર્યવાહી ચાલુ છે. ચેક થયેલ શિષ્યવૃત્તિના ફોર્મ પૂર્તતા માટે જે તે સેન્ટર પર મોકલવામાં આવશે. સંયોજકશ્રીઓએ આ ફોર્મમાં પૂર્તતા કરવા વિદ્યાર્થીઓનો સંપર્ક કરવાનો રહેશે અને ફોર્મની પૂર્તતા કરીને SC/ST સેલ ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે જમા કરાવવાના રહેશે.

ફેબ્રુઆરી -2007 ના શિષ્યવૃત્તિના ફોર્મ મોકલેલ ચેકલીસ્ટ પ્રમાણે ભરી SC/ST વિદ્યાર્થીઓની અલગ-અલગ યાદી બનાવી સેન્ટરના લેટરપેડ ઉપર જરૂરી નોંધ સાથે મોકલી આપવા. શિષ્યવૃત્તિ અંગેના ફોર્મની તમામ કાર્યવાહી સેન્ટરના સંયોજકશ્રીએ કરવાની રહેશે. વિદ્યાર્થીઓને યુનિવર્સિટી ખાતે શિષ્યવૃત્તિના ફોર્મ લેવા કે આપવા મોકલવા નહિ.

ઓગસ્ટ-2007 ના SC/ST પ્રવેશાર્થીઓની શિષ્યવૃત્તિ ફોર્મ ટૂંક સમયમાં ટપાલથી ચેકલીસ્ટ તથા માર્ગદર્શનપત્ર સાથે મોકલી આપવામા આવશે. વધુ માહિતી માટે SC/ST સેલના ઈન્ચાર્જ શ્રીમિનાક્ષીબેન ચૌહાણ વ્યાખ્યાતા -એજ્યુકેશનનો સંપર્ક કરવો.

## 'જ્ઞાનગંગા' સંદર્ભે નમ્ર નિવેદન...

- 'જ્ઞાનગંગા' માટે યુનિવર્સિટીના અભ્યાસ/પ્રોગ્રામકેન્દ્રોને માહિતી મોકલવા સાથે પુનઃ સ્મરણ-નિમંત્રણ પાઠવવામાં આવે છે.
- 'જ્ઞાનગંગા'માં પ્રકાશિત કરવા માટે અભ્યાસ/પ્રોગ્રામકેન્દ્રોને જૂની વિગતો ન મોકલતાં ચાલુ શૈક્ષણિક વર્ષની વિગતો જ મોકલવી.
- વિદ્યાર્થીઓએ મેળવેલી વિવિધ શૈક્ષણિક સિદ્ધિઓ તેમજ તેમની વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની સફળતાઓ અંગેના સમાચારો પણ મોકલી શકાશે.
- મોકલવામાં આવેલી વિગતો શબ્દશઃ પ્રકાશિત કરવાનું શકય નહીં બને, પરંતુ 'જ્ઞાનગંગા' ના પ્રરૂપને અનુરૂપ અને પૃષ્ઠ મર્યાદાને અનુલક્ષીને સંપાદિત કરીને જ પ્રગટ થઈ શકશે.

<u>સમાચારો નીચે મુજબના સરનામે મોકલવા</u>

સંયોજકશ્રી
શ્રીમતી ચેતના શાહ, ગ્રંથપાલ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
આર.સી.ટેકનિકલ ઈન્સ્ટિટયુટ કેમ્પસ,સોલા, અમદાવાદ-૬૦

તંત્રી, પ્રકાશક : કુલસચિવશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,આર.સી.ટેકનિકલ ઈન્સ્ટિટયુટ કેમ્પસ,સોલા, અમદાવાદ-૬૦
સંપાદક મંડળ : ચેતના શાહ , દશરથ જાદવ, ધાર્મિણી મહેતા તથા કુસુમ શર્મા
કોમ્પ્યુટર સેટિંગ અને ડિઝાઈન : ગીતા પરીખ

## 1857નો સ્વાતંત્ર સંગ્રામએક પુનર્વલોકન

'1857 નો સ્વાતંત્ર સંગ્રામએક પુનર્વલોકન' વિષય પર તારીખ 29 સપ્ટેમ્બર 2007 ના રોજ જી.સી.આર.ટી, ગાંધીનગર ખાતે એક દિવસીય નેશનલ સેમિનારનું આયોજન કરેલ છે.

આ ઐતિહાસિક સંગ્રામને આજે દોઢસો વર્ષ પૂર્ણ થઈ ગયા છે. સમગ્ર દેશ તેને ઉજવી રહયું છે ત્યારે ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ આ સેમિનારનું આયોજન કર્યું છે. આ આયોજનનો ઉદ્દેશ આ સંગ્રામના ઘણા પ્રકાશમાં ન આવેલા આયામો તરફ પ્રકાશ પાડવાનો છે. આ સંગ્રામને દોઢસો વર્ષ થયા છતાં પણ હજી તેમના સ્વરૂપ અને વિસ્તાર અંગે મતભેદ પ્રવર્તે છે. આ સેમિનારનો ઉદ્દેશ છેલ્લા ઘણા સમયથી થયેલ સંશોધનના ઉપયોગ કરીને આ આંદોલન વિશે સામૂહિક ચિંતન વિકસાવવાનો છે.

આ સેમિનાર સંગ્રામના મુખ્યત્વે છ વિભાગો તરફ સંશોધનના આધારે નવો પ્રકાશ પાડવાનો છે. આ વિભાગો નીચે મુજબ છે.

1 1857 ના સ્વાતંત સંગ્રામની કારણ પરંપરા
2 વિદ્રોહ પછી બ્રિટીશ નિતિઓમાં આવેલ પરિવર્તન અને તેની રાષ્ટ્રીય ચળવળ પર અસર
3 1857 ના સ્વાતંત્ર સંગ્રામનો વિસ્તાર અને નેતૃત્વ
4 જનસમૂદાયનો સહભાગ
5 લોકસાહિત્યમાં અસરો
6 1857 નો સ્વાતંત્ર સંગ્રામમાં ગુજરાતની ભૂમિકા

આ સેમિનારમાં ઈતિહાસના આશરે 50 જેટલા વ્યાખ્યાતાશ્રીઓ ભાગ લેનાર છે.

## યુનિવર્સિટીના ટેલિફોન નંબર વિદ્યાર્થી સહાય માટે

યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને કેન્દ્રોના સંયોજકોનો યુનિવર્સિટીમાં સંપર્ક ન થવાની ફરિયાદોને ધ્યાને લઈને યુનિવર્સિટીના જુદા જુદા વિભાગના વડાઓને મોબાઈલ આપવામાં આવેલ છે. જે દ્વારા વિદ્યાર્થીઓ તથા સંયોજકશ્રીઓ જે તે વિભાગ સાથે સીધો સંપર્ક કરી શકશે અને સમસ્યાનો નિકાલ કરી શકશે.

| અધિકારીશ્રીનું નામ | વિભાગનું નામ | મોબાઈલ નં. |
|---|---|---|
| શ્રી આર.ડી.મુખિયા | ઈ/ચા. નિયામકશ્રી | 9825084285 |
| શ્રી કે.એ.પોટા | કુલસચિવશ્રી | 27413748 |
| શ્રી રામનારાયણ ઐયર | માન.કુલપતિશ્રીના અંગત સચિવ | 92283 55550 |
| શ્રી સાંકાભાઈ ના. પટેલ | પરીક્ષા | 92283 55545 |
| શ્રી દશરથ જી. જાદવ | પ્રવેશ | 92283 55547 |
| શ્રી એલ. એન. નાઈ | મટીરીયલ(ગોડાઉન) | 92283 55561 |
| શ્રી દિલીપ કાતરિયા | અભ્યાસકેન્દ્ર સંચાલન | 92283 55549 |
| કુ. ધાર્મિની મહેતા | અભ્યાસસામગ્રી વિકાસ | 92283 55548 |
| શ્રી એસ. સી. શાહ | હિસાબી | 92283 55557 |
| શ્રી રામભાઈ એ. પટેલ | વહીવટ | 92283 55560 |
| શ્રી સંકેત પટેલ | કમ્પ્યુટર | 92283 55562 |
| ડૉ. કુસુમ શર્મા | સ્વાધ્યાયકાર્ય | 92283 55546 |
| શ્રી દિપેશ વાય. જાની | એસ્ટેટ | 92283 55570 |

વેબસાઈટ : www.baou.org ઈ-મેઈલ : feedback@baou.org

## SC/ST શિષ્યવૃત્તિ અંગે...

પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ અંગેની કામગીરી ઝડપી બને તથા અનુસૂચિત જાતિ/જનજાતિના વિદ્યાર્થીઓને શકય તેટલી ઝડપે તેનો લાભ મળી શકે તે હેતુથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા SC/ST સેલ શિષ્યવૃત્તિ વિભાગની અલગથી રચના કરવામાં આવેલ છે. જેથી સંયોજકશ્રી તથા વિદ્યાર્થીમિત્રોને શિષ્યવૃત્તિ અંગેની કોઈપણ મુશ્કેલી કે જાણકારી અંગે SC/ST સેલનો સંપર્ક કરવો. હાલ શિષ્યવૃત્તિના ફોર્મ ચેકિંગની કાર્યવાહી ચાલુ છે. ચેક થયેલ શિષ્યવૃત્તિના ફોર્મ પૂર્તતા માટે જે તે સેન્ટર પર મોકલવામાં આવશે. સંયોજકશ્રીઓએ આ ફોર્મમાં પૂર્તતા કરવા વિદ્યાર્થીઓનો સંપર્ક કરવાનો રહેશે અને ફોર્મની પૂર્તતા કરીને SC/ST સેલ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે જમા કરાવવાના રહેશે.

ફેબ્રુઆરી -2007 ના શિષ્યવૃત્તિના ફોર્મ મોકલેલ ચેકલીસ્ટ પ્રમાણે ભરી SC/ST વિદ્યાર્થીઓની અલગ-અલગ યાદી બનાવી સેન્ટરના લેટરપેડ ઉપર જરૂરી નોંધ સાથે મોકલી આપવા. શિષ્યવૃત્તિ અંગેના ફોર્મની તમામ કાર્યવાહી સેન્ટરના સંયોજકશ્રીએ કરવાની રહેશે. વિદ્યાર્થીઓને યુનિવર્સિટી ખાતે શિષ્યવૃત્તિના ફોર્મ લેવા કે આપવા મોકલવા નહિ.

ઓગસ્ટ-2007 ના SC/ST પ્રવેશાર્થીઓની શિષ્યવૃત્તિ ફોર્મ ટૂંક સમયમાં ટપાલથી ચેકલીસ્ટ તથા માર્ગદર્શનપત્ર સાથે મોકલી આપવામા આવશે. વધુ માહિતી માટે SC/ST સેલના ઈન્ચાર્જ શ્રીમિનાક્ષીબેન ચૌહાણ વ્યાખ્યાતા -એજ્યુકેશનનો સંપર્ક કરવો.

## 'જ્ઞાનગંગા ' સંદર્ભે નમ્ર નિવેદન...

- 'જ્ઞાનગંગા ' માટે યુનિવર્સિટીના અભ્યાસ/પ્રોગ્રામકેન્દ્રોને માહિતી મોકલવા સાથે પુનઃ સ્મરણ-નિમંત્રણ પાઠવવામાં આવે છે.
- 'જ્ઞાનગંગા'માં પ્રકાશિત કરવા માટે અભ્યાસ/પ્રોગ્રામકેન્દ્રોને જૂની વિગતો ન મોકલતાં ચાલુ શૈક્ષણિક વર્ષની વિગતો જ મોકલવી.
- વિદ્યાર્થીઓએ મેળવેલી વિવિધ શૈક્ષણિક સિદ્ધિઓ તેમજ તેમની વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની સફળતાઓ અંગેના સમાચારો પણ મોકલી શકાશે.
- મોકલવામાં આવેલી વિગતો શબ્દશઃ પ્રકાશિત કરવાનું શકય નહીં બને, પરંતુ 'જ્ઞાનગંગા ' ના પ્રરૂપને અનુરૂપ અને પૃષ્ઠ મર્યાદાને અનુલક્ષીને સંપાદિત કરીને જ પ્રગટ થઈ શકશે.


સમાચારો નીચે મુજબના સરનામે મોકલવા
સંયોજકશ્રી
શ્રીમતી ચેતના શાહ, ગ્રંથપાલ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
આર.સી.ટેકનિકલ ઈન્સ્ટિટ્યુટ કેમ્પસ,સોલા, અમદાવાદ-૬૦



તંત્રી, પ્રકાશક : કુલસચિવશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,આર.સી.ટેકનિકલ ઈન્સ્ટિટ્યુટ કેમ્પસ,સોલા, અમદાવાદ-૬૦
સંપાદક મંડળ : ચેતના શાહ , દશરથ જાદવ, ધાર્મિણી મહેતા તથા કુસુમ શર્મા
કોમ્પ્યુટર સેટિંગ અને ડિઝાઈન : ગીતા પરીખ